RNI No.: GUJGUJ/2014/59295

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 185* Date: 03.05.2022 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

૧૯૫૦ ના દાયકાના જયપુર રાજ્યના કોર્ટ ફી સ્ટેમ્પ પર ચિરંજીવી પરશુરામ દાદા ઓફિશિયલ પેપર....



અક્ષય તૃતીયા..પરશુરામ ભગવાન જન્મોત્સવ નિમિત્તે સમગ્ર ભારત ના નાના ગામ થી માંડી મોટા શહેરો માં દાદા ની શોભાયાત્રા સ્થાનિક બ્રહ્મ સમાજ ના સંગઠનો વર્ષોની પરંપરા પ્રમાણે આજે નીકળશે..સૌ સ્થાનિક ભૂદેવ અને સૌ સમાજ ના શ્રેષ્ઠીઓ ઘર આંગણે આવી રહેલ દાદા ની યાત્રા માં જોડાઈ.સ્વાગત કરી લાભ લઈ શકે છે..ગુજરાત ના દરેક નાના મોટા શહેરો માં સ્થાનિક બ્રહ્મ સંગઠનો દ્વારા સવારે અને સાંજે પરંપરાગત પરશુરામ શોભાયાત્રા નીકળનાર છે..સોશિયલ મીડિયા માં અનેક બ્રહ્મ નાના મોટા સંગઠનો ના સેવકો દ્વારા ડાયરા,ગીત સંગીત,શોભાયાત્રા ના સ્થાનિક રૂટ ની માહિતી આપવામાં આવી છે.. વણ જોયું મુહર્ત અખાત્રીજ ત્રીજ..ભગવાન પરશુરામ જન્મોત્સવ આવો સૌ ધામધૂમ થી મનાવી સૌ કોઈ બ્રહ્મ કુળ નું કર્તવ્ય પોત પોતાના સ્વભાવગત રાજકીય,સામાજિક,વ્યવસાઇક રીતે ભાગ લઈ દાદા માં આશીર્વાદ લે તેવી શુભેચ્છાઓ....

સંપાદકઃ પ્રદીપ રાવલ

છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોવિડના કારણે કુલ ૨૬ લોકોના મોત

નવીદિલ્હી,તા.૨

છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોરોના વાયરસના કુલ ૩૧૫૭ નવા કેસ નોંધાયા છે. આ ગઈકાલની સરખામણીમાં ૫ ટકા ઓછા નવા કેસ છે. આ સાથે, દેશમાં કોવિડ સંક્રમિતોની કુલ સંખ્યા હવે વધીને ૪ કરોડ, ૩૦ લાખ, ૮૨ હજાર ૩૪૫ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોવિડના કારણે કુલ ૨૬ લોકોના મોત પણ થયા છે. દેશમાં કોવિડને કારણે અત્યાર સુધીમાં કુલ ૫ લાખ ૨૩ હજાર ૮૬૯ લોકોના મોત થયા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર, દેશભરમાં સક્રિય કેસની કુલ સંખ્યા હવે ૧૯ હજારને વટાવી ગઈ છે. હાલમાં, દેશભરમાં ૧૯,૫૦૦ સક્રિય કેસ નોંધાયા છે. સક્રિય કેસ કુલ ચેપના ૦.૦૫ ટકા થઈ ગયા છે. હાલમાં દેશમાં રિકવરી રેટ ૯૮.૭૪ ટકા નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કુલ ૨,૭૨૩ દર્દીઓ સાજા થયા છે. દેશભરમાં અત્યાર સુધીમાં કુલ ૪ કરોડ, ૨૫ લાખ, ૩૮ હજાર, ૯૭૬ લોકોએ આ મહામારીને માત આપી છે. દેશમાં દૈનિક હકારાત્મકતા દર હવે વધીને ૧.૦૭ ટકા થઈ ગયો છે. સાપ્તાહિક હકારાત્મકતા દર પણ હવે વધીને ૦.૭૦ ટકા થઈ ગયો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૮૩.૮૨ કરોડ સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨,૯૫,૫૮૮ સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યું છે.

ઓસ્માનિયા યુનિવર્સિટીએ રાહુલ ગાંધીને તેના કેમ્પસની મુલાકાત લેવાની મંજૂરી આપી નહીં

નવીદિલ્હી,તા.૨

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીની તેલંગાણાની ઓસ્માનિયા યુનિવર્સિટીની મુલાકાતને લઈને રાજકારણ શરૂ થઈ ગયું છે. હકીકતમાં, દેશની જાણીતી ઓસ્માનિયા યુનિવર્સિટીએ રાહુલ ગાંધીને તેના કેમ્પસની મુલાકાત લેવાની મંજૂરી આપી નથી. રાહુલ ગાંધીની ૭ મેના રોજ કેમ્પસની મુલાકાતની યોજના હતી તે પહેલા જ મંજૂરી રદ કરવામાં આવી છે.

યુનિવર્સિટીએ પ્રવાસ રદ કરવા અંગે લેખિતમાં માહિતી આપી નથી. પરંતુ ઓસ્માનિયા યુનિવર્સિટીની સત્તાવાર કાઉન્સિલે આ વાતને નકારી કાઢી છે. ત્યારથી કોંગ્રેસ અને ટીઆરએસ આમને-સામને છે.આ બાબતને લઈને કોંગ્રેસે તેલંગાણા રાષ્ટ્ર સમિતિના નેતૃત્વવાળી સરકાર પર આરોપ લગાવ્યો છે કે ઈજીએ રાહુલ ગાંધીની મુલાકાત રોકવા માટે યુનિવર્સિટી પર દબાણ કર્યું છે. કોંગ્રેસના ધારાસભ્ય જગ્ગા રેડ્ડીએ કહ્યું છે કે રાહુલ ગાંધીની ઓસ્માનિયા યુનિવર્સિટીની મુલાકાત ન લે તે માટે રાજ્ય સરકારે સંસ્થા પર દબાણ બનાવ્યો છએ. .

વિશ્વમાં ભારતીય ગમે ત્યાં રહે, પણ ભારતીયતા ભૂલતા નથ

કેનેડામાં સરદાર પટેલની પ્રતિમાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલી ઉદઘાટન કર્યું

નવીદિલ્હી,તા.૨

કેનેડાના મરખમમાં સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતમાંથી વર્ચ્યુઅલી આ પ્રતિમાનું અનાવરણ કર્યું છે. મરખમના સનાતન મંદિર સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે પ્રતિમાનું ઉદઘાટન કર્યા બાદ વડાપ્રધાન મોદીએ કહ્યું કે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા આપણા સાંસ્કૃતિક મૂલ્યોને મજબૂત કરવા ઉપરાંત બન્ને દેશો વચ્ચેના સંબંધોનું પ્રતીક પણ બનશે.

વડાપ્રધાન મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ મારફથે કાર્યક્રમને સંબોધિત કર્યો હતો. તેમણે કહ્યું કે એક ભારતીય વિશ્વમાં ગમે ત્યાં રહે, ગમે એટલી પેઢીઓથી રહેતા હોય, તેમની ભારતીયતા, તેમની ભારત પ્રત્યેની નિષ્ઠા બિલકુલ ઓછી થતી નથી. આ ભારતીયો જે પણ દેશમાં રહે પણ સંપૂર્ણ લગન અને ઈમાનદારીથી તે દેશની સેવા પણ કરે છે.

મોદીએ કહ્યું કે ભારત 'વસુધૈવ કુટુંબકમ'ની વાત કરે છે. ભારત અન્યના નુકસાનની કિંમત પર પોતાના કલ્યાણનું સ્વપ્ન જોતું નથી. ભારત સમગ્ર માનવતા અને તેની સાથે સમગ્ર વિશ્વના કલ્યાણની કામના કરે છે. આજે જ્યારે આપણે 'આત્મનિર્ભર ભારત' અભિયાનને આગળ ધપાવીએ છીએ, ત્યારે આપણે વિશ્વ માટે પ્રગતિની નવી શક્યતાઓ ખોલવાની વાત કરીએ છીએ. આજે જ્યારે આપણે યોગના પ્રસાર માટે પ્રયત્નશીલ છીએ ત્યારે આપણે વિશ્વના દરેક વ્યક્તિને 'સર્વે સંતુ નિરામ'ની શુભેચ્છા પાઠવીએ છીએ.

આ અગાઉ વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પર કર્યું હતું કે આજે હું મારખામમાં પટેલની પ્રતિમાનું અનાવરણ કરવા પ્રસંગે મારા વિચારો શેર કરીશ. તેમણે વધુમાં કહ્યું કે સનાતન સંસ્થાની આ પહેલ પ્રશંસનીય છે અને તે ભારત તથા કેનેડા વચ્ચેના સાંસ્કૃતિક સંબંધોને ખૂબ જ મજબૂત બનાવશે. SMCCએ જણાવ્યું કે કેનેડામાં પ્રથમ વખત સરદાર પટેલની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. આ ઉપરાંત આ પ્રતિમા જ્યાં સ્થાપિત કરવામાં આવી રહી છે તે વિસ્તાર હવે સરદાર ચોક તરીકે ઓળખાશે.

આ પ્રતિમાની ઊંચાઈ ૯ ફૂટ છે અને તેને ફક્ત ૩ મહિનાના અતી ટૂંકા ગાળામાં તૈયાર કરવામાં આવી છે. આ પ્રતિમા નરેશ કુમાવત દ્વારા તૈયાર કરવામાં આવી છે અને આશરે ૫૦૦ વર્ષ સુધી આ પ્રતિમાને કંઈ જ થશે નહીં, જે પંચ ધાતુમાંથી વ્યાપક સંશોધન બાદ તૈયાર કરવામાં આવી છે.

૧૯૮૫માં સ્થપાયેલી આ સંસ્થા ગ્રેટર ટોરોન્ટો વિસ્તારમાં કાર્યરત છે. આ પ્રોજેક્ટની ટોરોન્ટોના ગુજરાત સમાજ દ્વારા શરૂ કરવામાં આવી હતી.આ સંસ્થા શિક્ષણ અને સંસ્કૃતિના ક્ષેત્રમાં કામ કરે છે.એ યાદ રહે કે આ પહેલા ગોવાના પોર્ટુગલના શાસનથી મુક્ત થવાના ૬૦ વર્ષ પૂરાં થવાના અવસરે આયોજિત સમારોહમાં ભાગ લેતા વડાપ્રધાને કહ્યું હતું કે 'સરદાર વલ્લભ ભાઈ પટેલ જો વધુ સમય જીવતા રહ્યા હોય તો ગોવા પોર્ટુગલના શાસનથી ઘણા સમય પહેલા જ મુક્ત થઈ ગયું હોત.'

પીએમ મોદીએ એ સ્વાતંત્ર્ય સેનાનીઓની પણ પ્રશંસા કરી હતી જેમણે રાજ્યની સ્વતંત્રતા માટે લડત લડી હતી. તેમાં ગોવાની બહારના લોકો પણ સામેલ હતી. ઉલ્લેખનીય છે કે ગોવા મુક્તિ દિવસ ૧૯ ડિસેમ્બરે મનાવાય છે. તટીય રાજ્ય ગોવાને ભારતીય સશસ્ત્ર દળોએ ૧૯૬૧માં પોર્ટુગલના શાસનથી મુક્ત કરાવ્યું હતું. મોદીએ કહ્યું કે જ્યારે દેશના એક મોટા ભાગ પર મુઘલોનું શાસન હતું ત્યારે ગોવા પોર્ટુગલના શાસન હેઠળ આવ્યું પણ સદીઓ પછી ન તો ગોવા તેની ભારતીયતા ભૂલ્યું અને ન તો ભારત ગોવાને ભૂલ્યું. પીએમ મોદીએ ગોવાના પૂર્વ મુખ્યમંત્રી દિવંગત મનોહર પર્રિકરને યાદ કરતા કહ્યું કે તેમણે રાજ્યની ક્ષમતા સમજી અને લોકોના કલ્યાણ માટે તેનું પોષણ કર્યું. કાર્યક્રમ દરમિયાન મોદીએ ગોવાને આઝાદ કરાવવા માટે ભારતીય સેના દ્વારા ચલાવાયેલા ઓપરેશન વિજયના સ્વાતંત્ર્ય સેનાનીઓ અને ભૂતપૂર્વ સૈનિકોને સન્માનિત કર્યા.

પ્રશાંત કિશોરે ટ્વિટ કરીને રાજકીય પાર્ટી બનાવવાના સંકેત આપ્યા

નવીદિલ્હી,તા.૨

હાલમાં જ થયેલી પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને કારમી હારનો સામનો કરવો પડ્યો. ત્યારબાદથી પાર્ટીમાં ફેરબદલની વાત થઈ રહી હતી. આ દરમિયાન સમાચાર આવ્યા કે રાજકીય રણનીતિકાર પ્રશાંત કિશોર કોંગ્રેસમાં શામેલ થઈ શકે છે. પાર્ટી અને તેમની વચ્ચે ઘણા દોરની વાતચીત પણ થઈ પરંતુ સંમતિ થઈ શકી નહિ. ત્યારબાદ પીકેએ એલાન કર્યુ હતુ કે તે કોંગ્રેસમાં નહિ જાય. હવે તેમના એક ટ્વિટે રાજકીય ગલીઓમાં ખળભળાટ મચાવી દીધો છે.

પ્રશાંત કિશોરે ટ્વિટ કરીને લખ્યુ કે લોકતંત્રમાં એક સાર્થક ભાગીદાર બનવા અને જન-સમર્થક નીતિને આકાર આપવામાં મદદ કરવાની મારી ઉતાર-ચડાવભરી યાત્રા રહી છે. હવે મુદ્દાઓ અને જન સુરાજના માર્ગેને સારી રીત સમજવા માટે રિયલ માસ્ટર એટલે કે જનતા પાસે જવાનો સમય આવી ગયો છે. તેમણે અંતમાં લખ્યુ કે આની શરુઆત બિહારથી થશે. ત્યારબાદથી રાજકીય ગલીઓમાં વિવિધ પ્રકારની અટકળો લગાવવામાં આવી રહી છે. એક રિપોર્ટ મુજબ પ્રશાંત કિશોર પટનામાં છે. સોમવારથી તે પોતાની બિહાર યાત્રા શરુ કરશે. જે હેઠળ તે આખા બિહારનો પ્રવાસ કરશે અને ત્યાંના રાજકીય મુદ્દાઓને સમજશે. ત્યારબાદથી સવાલ એ ઉઠી રહ્યો છે કે શું પ્રશાંત કિશોર પોતાની રાજકીય પાર્ટી બનાવશે? આને લઈને રાજકીય વિશેષજ્ઞોનુ પણ મંતવ્ય અલગ-અલગ છે.

કુલગામમાં સુરક્ષા દળોને મોટી સફળતા, હાઈબ્રિડ આતંકવાદી પકડાયો

શ્રીનગર,તા.૨

જમ્મુ-કાશ્મીરના કુલગામમાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી છે. પોલીસ અને ૩૪ રાષ્ટ્રીય રાઈફલ્સે એક હાઈબ્રિડ આતંકવાદીની ધરપકડ કરી છે જે તેના પાકિસ્તાની આકાઓના ઈશારે કાશ્મીરમાં કામ કરી રહ્યો હતો. જમ્મુ-કાશ્મીરના કુલગામમાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી છે. એક ગુપ્ત અને ચોક્કસ માહિતીના આધારે, કુલગામ પોલીસ અને ૩૪ રાષ્ટ્રીય રાઈફલ્સે આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના એક સંકર આતંકવાદીની ધરપકડ કરી છે જે તેના પાકિસ્તાની આકાઓના કહેવા પર ઘાટીમાં કામ કરી રહ્યો હતો.

"હાઈબ્રિડ" શબ્દનો ઉપયોગ એવા આતંકવાદીઓ માટે થાય છે કે જેમનું નામ ક્યાંય નથી, પરંતુ તેઓ અત્યંત કટ્ટરપંથી છે અને આતંકવાદી હુમલામાં મદદ કરીને નિયમિત જીવનમાં પાછા ફરે છે. પકડાયેલો "હાઈબ્રિડ" આતંકવાદી પાકિસ્તાની આતંકવાદીઓ તેમજ પ્રતિબંધિત સંગઠન લશ્કર-એ-તૈયબાના સ્થાનિક આતંકવાદીઓના સંપર્કમાં હતો. સ્થાનિક આતંકવાદીઓએ તેને હુમલાને અંજામ આપવાની જવાબદારી સોંપી હતી.

હાઈબ્રિડ આતંકવાદીનું કામ અન્ય આતંકવાદીઓને આશ્રય, લોજિસ્ટિક્સ અને અન્ય સહાય પૂરી પાડવાનું પણ છે. આ આતંકવાદી કુલગામ જિલ્લામાં તેના સાથીદારોને શસ્ત્રો/દારૂગોળો અને વિસ્ફોટક સામગ્રી પ્રદાન કરવા માટે જવાબદાર હતો.

દેશના ઉત્તરી રાજ્યોમાં આજે પણ કાળઝાળ ગરમી યથાવત ,બે દિવસ બાદ રાહત મળશે

નવીદિલ્હી,તા.૨

દેશના ઉત્તરી રાજ્યોમાં આજે પણ કાળઝાળ ગરમી યથાવત રહી છે. હવામાન વિભાગે ભલે મંગળવારથી રાહતની આશા વ્યક્ત કરી હોય, પરંતુ આજનો દિવસ સોમવાર આકરી ગરમી સાથે પસાર થયો હતો. વિભાગે અનુમાન લગાવ્યું છે કે યુપી, બિહાર, મધ્યપ્રદેશ, દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાન સહિત ઘણા ઉત્તર ભારત અને પૂર્વીય રાજ્યોમાં ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન રહ્યું છે જો કે આગામી બે દિવસ ગરમીમાંથી થોડી રાહત મળી શકે છે. હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ જેવા પર્વતીય રાજ્યોમાં વરસાદ થવાની આશા છે. આ સિવાય દિલ્હી-એનસીઆર, યુપી, હરિયાણામાં જોરદાર વાવાઝોડું આવી શકે છે. જેના કારણે તાપમાનમાં થોડો ઘટાડો થશે અને લોકોને કાળઝાળ ગરમીમાંથી રાહત મળશે.

ઘણા વિસ્તારોમાં હવામાન બદલાઈ શકે છે અને તાપમાનમાં ઘટાડો નોંધાઈ શકે છે. ઉત્તરપૂર્વ ભારતમાં પણ હવામાનમાં ફેરફાર થઈ શકે છે. આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મિઝોરમ અને ત્રિપુરામાં આગામી બે દિવસમાં ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગનું કહેવું છે કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે લદ્દાખ, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદ થઈ શકે છે. મેદાની વિસ્તારોમાં ભલે વરસાદ નહીં પડે, પરંતુ ૪૦ થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાને કારણે તાપમાનમાં ઘટાડો થઈ શકે છે.

ભલે દિલ્હી-એનસીઆરમાં વરસાદ નહીં પડે, પરંતુ બદલાતા હવામાનની અસર પર્વતીય રાજ્યોમાં જોવા મળશે. આવતીકાલ મંગળવારથી દિલ્હી, યુપી સહિત અનેક રાજ્યોમાં ગરમીનો કહેર ઓછો થઈ શકે છે. આ રાહત ૭ મે સુધી ચાલુ રહી શકે છે. જો કે આ પછી હવામાન ફરી એકવાર બદલાઈ શકે છે. રાષ્ટ્રીય હવામાન કેન્દ્ર સાથે સંકળાયેલા આરકે જેનામાનીએ કહ્યું, 'લૂનો કહેર આગામી દિવસોમાં ઓછો થશે. પૂર્વ ભારતમાં હવામાન બદલાવા લાગ્યું છે.

કેન્દ્ર સરકાર કોઇને કોરોનાની વેક્સીન લેવાં માટે બાધ્ય ન કરી શકે : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૨

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કોરોના વેક્સીન પોલિસીને યોગ્ય ઠેરવી છે. પણ સાથે જ એમ પણ કહ્યું છે કે, કોઇપણ વ્યક્તિને વેક્સીન લેવા માટે બાધ્ય ન કરી શકાય. ઉચ્ચતમ ન્યાાયલયે આ વાત વેક્સીન ડેટા અને વેક્સીનને જરૂરી બનાવવાની માંગણી માટે એક અરજી પર નિર્ણય સંભળાવતા કહ્યું. સાથે જ સુપ્રીમ કોર્ટે સરકારને ક્લીનિકલ ટ્રાયલનાં ડેટા પર જાહેર કરવાનું કહ્યું છે.

સુપ્રીમ કોર્ટે એ વાત પર નારાજગી વ્યક્ત કરી હતી કે કેટલીક રાજ્ય સરકારો જાહેર સ્થળોએ રસીકરણ ન કરાવનારાઓને પ્રવેશ નથી આપી રહી. કોર્ટે આને અન્યાયી ગણાવ્યું હતું. તેમજ રાજ્યોને આવા નિયંત્રણો દૂર કરવા સૂચન કર્યું હતું. જો કે, કોર્ટે એમ પણ કહ્યું કે સરકાર નીતિ બનાવી શકે છે અને જનતાના ભલા માટે કેટલીક શરતો મૂકી શકે છે. સુપ્રીમ કોર્ટના જણાવ્યા અનુસાર, વર્તમાન રસી નીતિને અન્યાયી અને સ્પષ્ટપણે મનસ્વી કહી શકાય નહીં.

ન્યાયમૂર્તિ એલ નાગેશ્વર રાવ અને બીઆર ગવઈની બેન્ચે અવલોકન કર્યું કે બંધારણની કલમ ૨૧ હેઠળ ભૌતિક સ્વાયત્તતા અને અખંડિતતા સુરક્ષિત છે, સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે વર્તમાન કોવિડ-૧૯ રસી નીતિ સ્પષ્ટપણે મનસ્વી અને ગેરવાજબી છે. ખંડપીઠે કહ્યું, 'જ્યાં સુધી સંખ્યા ઓછી ન આવે ત્યાં સુધી અમે સૂચવીએ છીએ કે સંબંધિત આદેશોનું પાલન કરવું જોઈએ અને જાહેર સ્થળોએ રસીકરણ ન કરાવેલ લોકો પર કોઈ પ્રતિબંધ લાદવો જોઈએ નહીં. જો કોઈ પ્રતિબંધ પહેલેથી જ છે, તો તેને દૂર કરવો જોઈએ.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પણ કહ્યું છે કે કોરોનાની રસી લેવાથી કેવા પ્રકારની આડઅસર થઈ રહી છે તેનો ડેટા સાર્વજનિક કરે. આ સાથે ક્લિનિકલ ટ્રાયલનો ડેટા પણ સરકારને જાહેર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે બાળકોને રસી આપવાનો નિર્ણય સભાન અને આંતરરાષ્ટ્રીય માપદંડો અનુસાર હોવો જોઈએ.

ખંડપીઠે એમ પણ કહ્યું હતું કે રસીના ટ્રાયલ ડેટાને અલગ પાડવાના સંદર્ભમાં, હાથ ધરવામાં આવેલા તમામ પરીક્ષણોનો ડેટા અને તે પછીના તમામ ટ્રાયલ હાથ ધરવામાં આવનાર છે તે વ્યક્તિઓની ગુપ્તતાને આધિન વિલંબ કર્યા વિના લોકોને ઉપલબ્ધ કરાવવો જોઈએ. સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને વ્યક્તિઓના વ્યક્તિગત ડેટા સાથે સમાધાન કર્યા વિના જાહેરમાં સુલભ સિસ્ટમ પર લોકો અને ડોકટરો પર રસીની પ્રતિકૂળ અસરોના અહેવાલો પ્રકાશિત કરવા પણ જણાવ્યું હતું.

તંત્રી સ્થાનેથી...

કોંગ્રેસ અને દેશ માટે રાહુલ ગાંધીના વિચારો ફિટ નથી

રાહુલ ગાંધી શું કામ જમીની હકિકતથી વાકેફ થયા નથી ? પાયાનો કાર્યકર્તા શું હોઈ શકે તેની રાહુલ ગાંધીને ખબર છે ? પંચાયત, નગર નિગમની ચૂંટણી હોય કે વિધાનસભા અને લોકસભાની ચૂંટણી હોય, દરેકના પ્રશ્નો વિવિધ હોય તેવી તેને ખબર છે ? શું પોતે સંઘર્ષ કરીને, લોકસેવા કરીને, ધીમે ધીમે કાર્યકર્તાઓમાં, વિસ્તારના લોકોમાં લોકપ્રિયતા મેળવીને ક્રમશઃ આગળ આવ્યો છે ? ના... ના.... ના...

રાહુલ ગાંધીનો જન્મ સત્તાધીશના કુટુંબમાં થયો અને એટલે બાય ડિફોલ્ટ ભાઈને આટલા જૂના પક્ષનું નેતૃત્વ કરવાનો મોકો મળ્યો. સીધી જ લોકસભાની પોતાના વિસ્તારની ટીકિટ મળી અને ભાઈ સીધા જ સાંસદ બની ગયા! સત્તાની વચ્ચે જન્મ થયો અને મોટા થયા એટલે સંઘર્ષ શું હોય ? એ જોયો જ નથી. માત્ર 'ગાંધી' અટક અને અમેઠી-રાયબરેલીની પ્રજા વર્ષોથી 'પંજા'ને મત આપતા એટલે આ પપ્પુભાઈ ચૂંટાઈ આવતા! રાહુલ ગાંધીને એમ છે કે લોકસભાની ચૂંટણી દરમ્યાન થોડી રેલીઓ કરો, ભાષણો કરો એટલે પ્રજાનું કામ પુરું પણ હવે તો પ્રજા પણ જાગૃત થઈ ગઈ છે અને પરંપરાગત અમેઠી સીટ પરથી પણ ભાઈને હાર જોવી પડી છે. એ તો સમજો કે કેરળના વાયનાડ (મુસ્લિમ વિસ્તાર)માંથી પણ ભાઈએ ફોર્મ ભર્યું હતું. અન્યથા અત્યારે લોકસભામાં જ ન હોત!

રાહુલને શીખવું જ નહોતું. પ્રજાના કામ કરવા જ હોત તો એ વધારે કરી શકત. કારણ કે તેની પાછળ અનેક મોટા નામ છે. પણ ભાઈને ઓફિસમાં બેસવું છે, વર્ષમાં બે વાર ફરવા જવું છે.ખબર નહીં કુટુંબ વગરનો-એકલો એકલો ક્યાં ફરવા જતો હશે ? તેની સામે જ્યોતિરાદિત્યનાથ સિંધિયા તો રાજ પરિવારમાંથી આવે છે. લોકસભા કરતા વિશાળ તો એમનો મહેલ છે. પણ પિતા માધવરાય સિંધિયા પાસેથી શીખ્યા કે જમીન સાથે કેવી રીતે જોડાયેલા રહેવું. રાહુલ વિદેશમાં ભણ્યો છે પણ ગણ્યો નથી.તેને એટલી સમજ નથી પડતી કે મારા સલાહકારો જે સલાહ આપે છે તે મારા હિતમાં છે ? રાષ્ટ્રના હિતમાં છે ? સાંજે કોઈ સલાહ આપે અને સવારે ભાઈ ટ્વિટ કરે. એટલે દેશ સેવા પૂરી ! તેના સલાહકારોમાં રાજદિપ સૂરજેવાલા (ધારાસભ્ય પણ બની શક્યો નથી), દિગ્વિજયસિંહ, મનિષ તિવારી છે. આ લોકો એવા છે 'સનમ હમ તો ડૂબેંગે, આપ કો ભી લેકર જાયેંગે.'

રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને પદ પરથી હટવું નથી અને અન્ય લોકો આવે તો પોષાય તેમ નથી. કોંગ્રેસના સિનિયર લીડર્સ કે જી-૨૩ ગ્રુપના સભ્યો પણ ક્યારેક નોર્મલ વિરોધ કરે. આ લોકોનું થિંકિંગ એવું છે કે કોંગ્રેસનું હવે જે થવું હોય તે થાય. પહેલી તારીખે બેંકના ખાતામાં રકમ આવી જાય છે ને ! બસ વાત પૂરી. માટે જ પ્રશાંતકિશોર જેવા પ્રોફેશનલ કન્સલ્ટન્ટ અને સ્ટ્રેટેજિસ્ટ સાથે મેળ ન પડ્યો. આ વ્યક્તિની વાત સીધી જ હોય, ચૂંટણી જીતવા સંગઠનમાં પરિવાર, પોલિસીમાં બદલાવ અને નવું નેતૃત્વ આ પાયાની વાત કોંગ્રેસને હજમ ન થઈ હોય, એવું બન્યું હોય !

હવે વાત કરું પ્રશાંત કિશોર બચી ગયા કે કોંગ્રેસમાં નવચેતન આવતું આવતું રહી ગયું. કોંગ્રેસ હવે ડૂબતું જહાજ છે, જહાજનો કેપ્ટન બદલાય કે કેપ્ટનને મદદ કરવા નવી ટીમ આવે, કોઈ ફર્ક પડતો નથી. જ્યારે પ્રશાંત કિશોરની કેરિયર ધૂળધાણી થતી થતી રહી ગઈ. જો કે ગત વર્ષ પણ પ્રશાંત કિશોર કોંગ્રેસમાં જોડાવાના હોવાની ચર્ચા હતી. આ વખતે મામલો જામ્યો નહીં. આ વખતે તેમની અને સોનિયા ગાંધી વચ્ચે ઘણી બેઠકો થઈ. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા પક્ષમાં પરિવર્તન તથા ચૂંટણીવ્યૂહ અંગે પ્રશાંત કિશોરે પ્રેઝન્ટેશન પણ આપ્યું હતું. પ્રેઝન્ટેશનના તમામ આઈડિયા અને વ્યૂહરચનાને અમલમાં મૂકવા માટે પોતાને વધારે સ્વતંત્રતા મળે તેવી માંગણી તેમની હતી અને અહીં જ વાંધો પડ્યો. તેમનો એવો મત હતો કે ખરેખર જે નેતાઓના મૂળ ઉંડા હોય અને પ્રજામાં લોકપ્રિયતા હોય એવા નેતાઓને જ મહત્વના સ્થાન આપવા. કોંગ્રેસનો કબજો લઈને બેઠેલા જૂના સ્વાર્થી નેતાઓને પ્રશાંતના કોંગ્રેસ પ્રવેશમાં પોતાની સીટ પર જોખમ દેખાતું હોય તેઓ વિરોધમાં હતા !

સોનાના વાયદાના ભાવમાં રૂ.૭૪૯, ચાંદીમાં રૂ.૮૨૮ અને ક્રૂડ તેલમાં રૂ.૩૩૭ની નરમાઈ

કોટનના વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યાઃ મેન્થા તેલ પણ ઢીલુઃ નેચરલ ગેસ, રબરના વાયદામાં સુધારાનો સંચારઃ બુલડેક્સ વાયદામાં ૧૮૪ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૮૨,૧૬૯ સોદાઓમાં કુલ રૂ.૧૬,૯૦૭.૪૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના મે વાયદામાં ૧૮૪ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૮,૧૯૪ સોદાઓમાં કુલ રૂ.૫,૦૮૯.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૨૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૩૨૨ અને નીચામાં રૂ.૫૦,૯૪૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૪૯ ઘટી રૂ.૫૧,૦૦૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૨૮ ઘટી રૂ.૪૧,૦૧૮ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫૯ ઘટી રૂ.૫,૧૦૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૨૦૧ના ભાવે ખૂલી, રૂ.૫૭૬ ઘટી રૂ.૫૧,૨૩૩ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૨,૬૮૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૫૪૦ અને નીચામાં રૂ.૬૨,૫૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૮૨૮ ઘટી રૂ.૬૨,૭૨૮ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ. ૧૦૯૯ ઘટી રૂ.૬૩,૫૭૭ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧,૦૯૪ ઘટી રૂ.૬૩,૫૯૫ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭,૧૨૮ સોદાઓમાં રૂ.૧,૨૯૩.૫૫ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૮.૩૦ ઘટી રૂ.૨૪૪.૬૦ અને જસત મે વાયદો રૂ.૭.૯૫ ઘટી રૂ.૩૩૬ના ભાવ થયા હતા. આ સામે તાંબુ મે કોન્ટ્રેક્ટ રૂ.૧૮.૨૫ ઘટી રૂ.૭૬૪.૬૦ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૨.૯૫ ઘટી રૂ.૧૮૩ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૭,૫૬૨ સોદાઓમાં કુલ રૂ.૪,૨૮૧.૮૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૯૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮,૦૧૮ અને નીચામાં રૂ.૭,૭૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૩૩૭ ઘટી રૂ.૭,૭૮૦ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૨૦ વધી રૂ.૫૬૪ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭૧૧ સોદાઓમાં રૂ.૮૮.૭૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન મે વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૫,૫૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૫,૮૩૦ અને નીચામાં રૂ.૪૫,૩૯૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૭૦ ઘટી રૂ.૪૫,૪૪૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર મે કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૪૯૮ના ભાવે ખૂલી, રૂ.૫૪૧ વધી રૂ.૧૭૪૯૮ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૨૦ ઘટી રૂ.૧૦૭૭.૪૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૧૭૬ સોદાઓમાં રૂ.૩,૧૮૪.૦૬ કરોડનાં ૬,૨૨૯.૩૫૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૫૧,૦૧૮ સોદાઓમાં કુલ રૂ.૧,૯૦૫.૯૧ કરોડનાં ૩૦૦.૪૭૦ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૨,૦૬૦ સોદાઓમાં રૂ.૧,૯૯૪.૮૯ કરોડનાં ૨૫,૩૬,૭૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૫,૫૦૨ સોદાઓમાં રૂ.૨,૨૮૭ કરોડનાં ૪૦૨૧૧૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૫૮૮ સોદાઓમાં રૂ.૮૩.૫૧ કરોડનાં ૧૮૩૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૧૨૧ સોદાઓમાં રૂ.૫.૨૫ કરોડનાં ૪૮.૬ ટન, રબરના વાયદાઓમાં ૨ સોદાઓમાં રૂ.૦.૦૩ કરોડનાં ૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૦૯૫.૯૭૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૦૧.૯૦૪ ટન, ક્રૂડ તેલમાં ૪૮૮૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૭૩૮૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૯૮૭૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૭૩.૦૪ ટન, રબરમાં ૨ ટન ના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં ૭૮૪ સોદાઓમાં રૂ.૬૧.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૭૮૨ સોદાઓમાં રૂ.૬૦.૮૬ કરોડનાં ૮૩૨ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૨ સોદાઓમાં રૂ..૨૧ કરોડનાં ૨ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૧૦૮ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૩ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૪,૬૯૦ના સ્તરે ખૂલી, ૧૮૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૧૪ પોઈન્ટ ઘટી ૧૪,૬૧૨ના સ્તરે અને મેટલડેક્સમે વાયદો ૨૦,૭૫૫ના સ્તરે ખૂલી, ૪૪૧ પોઈન્ટ ઘટી ૨૦૭૫૫ ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૫૭૭૯૦ સોદાઓમાં રૂ.૬,૦૯૨.૧૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું અને સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૭૨.૫૦ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૯.૫૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૫૬૦.૨૦ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૧૯.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૮૮.૮૦ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં સોનું-મિની મે રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૫ ખૂલી, ઊપરમાં રૂ.૬૦૦ અને નીચામાં રૂ.૪૦૦ રહી, અંતે રૂ.૧૪૧ ઘટી રૂ.૪૫૭.૫૦ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ મે રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૭.૭૦ અને નીચામાં રૂ.૨૫૯.૮૦ રહી, અંતે રૂ.૧૬૯.૫૦ ઘટી રૂ.૨૮૧.૧૦ થયો હતો. સોનું મે રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨૨ ખૂલી, ઊપરમાં રૂ.૪૩૦ અને નીચામાં રૂ.૩૫૩.૫૦ રહી, અંતે રૂ.૨૨૭ ઘટી રૂ.૩૬૫.૫૦ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો સોનું-મિની મે રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૯૬ અને નીચામાં રૂ.૪૨૦ રહી, અંતે રૂ.૨૦૩.૫૦ વધી રૂ.૬૭૦ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ મે રૂ.૭,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૭૮ ખૂલી, ઊપરમાં રૂ.૨૫૨.૮૦ અને નીચામાં રૂ.૧૬૮.૪૦ રહી, અંતે રૂ.૯૩.૮૦ વધી રૂ.૨૪૨.૯૦ થયો હતો. સોનું મે રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૨ ખૂલી, ઊપરમાં રૂ.૩૦૩ અને નીચામાં રૂ.૧૭૨ રહી, અંતે રૂ.૧૪૮.૫૦ વધી રૂ.૨૯૩ થયો હતો.

પશુપાલકોને ચૂકવાતા દૂધના ભાવમાં પ્રતિ કિલોફેટે રૂ.૧૦નો વધારો બનાસ ડેરી અપાશે

પાલનપુર,તા.૨

એશિયાની સૌથી મોટી દુધની ડેરી બનાસડેરી દ્વારા પશુપાલકોને ખુશખબર આપવામાં આવ્યા છે. બનાસડેરી દ્વારા બૃહદ બનાસકાંઠાના પશુપાલકોને ચૂકવાતા દૂધના ભાવમાં પ્રતિ કિલોફેટે રૂ.૧૦ નો વધારો ગુજરાત ગૌરવ દિવસની સવારથી કરવામાં આવ્યો છે. બનાસડેરી દ્વારા ભાવવધારાથી ખેડૂતોમાં ખુશી પ્રસરી હતી. કોઈપણ પશુપાલકને દૂધનો ભાવ વધારે મળે છે ત્યારે તેમના માલઢોર માટે વધુ સારે ગુણવત્તાનાં ખાદ્યપદાર્થો ખરીદી શકે છે. વધુ સારું ગુણવત્તાયુક્ત દુધ મેળવી શકે છે. આમ બનાસડેરી પ્રતિ કિલો ફેટે રૂ.૧૦નો ભાવ વધારો મળશે એ બાબતથી પશુપાલકો ખૂશ થયા છે. સુત્રોના જણાવ્યા અનુસાર નવા ભાવ પ્રમાણે ભેસનું દૂધ રૂપિયા ૭૧૫ થી ૬૮૦ અને ગાયનું દૂધ રૂપિયા ૩૦૯થી ૨૯૯ પ્રમાણે લેવાશે. જેનો અમલ ૧ લી મેથી કરવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં લાખો પશુપાલકો પશુપાલન કરી દૈનિક ૯૦ લાખનું દૂધ ઉત્પાદન કરી રહ્યા છે. જે દૂધ સમગ્ર દેશમાં જઈ રહ્યું છે. છાસવારે દૂધ અને દુધની બનાવટમાં ભાવ વધારો ઝીંકાતો હતો પરંતુ પશુપાલકોને ફેટમાં કોઈ ભાવ વાધારો નહીં મળતા તેઓ લાંબા સમયથી વધુ પૈસા મળવાની રાહે હતા.

યોગ અને માયા

સંત નિરંકારી મિશનના પ્રસિદ્ધ ગ્રંથ અવતારવાણીમાં કહ્યું છે કે આ મનુષ્ય શરીર પાંચ તત્વોનું બનેલું છે એટલે તે બ્રહ્મ નથી પરંતુ જે જીવ (કૂટસ્થ) આ શરીરમાં બોલે છે તે બ્રહ્મ છે.આ માયાવી દેહના પડદામાં બેસીને પરમેશ્વર જ આ દેહને નાચ નચાવે છે.પોતે આ શરીરમાં બેસીને અશરીરી (નિરાકાર)નાં દર્શનનાં દ્વાર ખોલો છો અથવા એમ કહેવાય કે અસત્ય દેહમાં પ્રગટ થઈને સત્ય બ્રહ્મનું જ્ઞાન કરાવો છો એટલે કે અધિકારી જિજ્ઞાસુઓને બ્રહ્મજ્ઞાન પ્રદાન કરો છો.સત્યની શોધમાં માનવ અસત્ય માયામાં ભટકતો રહે છે અને માયાના પડદાની પાછળ છુપાયેલા આ સર્વવ્યાપી પ્રભુ પરમાત્મા બ્રહ્મનાં દર્શન કરી શકતો નથી. પૂર્ણ સદગુરૂની એ જ ઓળખાણ હોય છે કે તે માયાનો પડદો હટાવીને બ્રહ્મનાં દર્શન કરાવી દે છે અને પોતાની શરણમાં આવેલા જિજ્ઞાસુઓને જન્મ-મરણના ચક્કરમાંથી મુક્ત કરી દે છે.

જે કંઈ દૃશ્યમાન છે તે બ્રહ્મ નથી પણ માયા છે.શરીર પણ દૃશ્યમાન હોવાથી બ્રહ્મ નથી પરંતુ આ દેહની અંદર જે અદૃશ્ય જીવ (દેહી અથવા આત્મા) બોલવું.. વગેરે ક્રિયાઓ પ્રકૃતિ દ્વારા કરાવી રહેલ છે તે બ્રહ્મ નથી.તમામ દૃશ્યમાન માયા છે અને જીવ જ બ્રહ્મ છે.ગો ગોચર જહં લગિ મન જાઈ, સબ માયા જાનહું ભાઈ.(રામાયણ) જે વસ્તુઓ ઈન્દ્રિયો અને મનનો વિષય છે તે તમામ માયા છે.મન બુદ્ધિ અને ઈન્દ્રિયોના વિષય એ તમામ માયા છે એટલે શરીરને પણ માયા કહેવામાં આવે છે.

જીવ-બ્રહ્મની એકતા અદ્વેત વેદાન્તનો મૂલાધાર છે.ઈશ્વર અને જીવ આ બંન્ને ઉપાધિઓનું નિરાકરણ થયા બાદ ઈશ્વર પણ નહીં અને જીવ પણ નહીં, જેમકે રાજાની ઉપાધિ રાજય અને

સિપાહીની ઉપાધિ નાનું ગામ. બંન્ને ઉપાધિ ના રહે તો રાજા રાજા રહેતા નથી અને સિપાઇ સિપાઇ રહેતા નથી.

સૂર્ય અને પતંગિયું,રાજા અને સેવક, સમુદ્ર અને કૂવો, મેરૂ અને પરમાણુ એ બધા જેમ એકબીજાથી જુદા છે તેમ પરસ્પર વિરૂદ્ધ ધર્મવાળા ઈશ્વર અને જીવ બંને વાચ્ય અર્થમાં તો જુદા જ છે પણ એ બંનેનું જે લક્ષ્ય અર્થ ઉપાધિ વિનાનું શુદ્ધ બ્રહ્મસ્વરૂપ છે તે જોતાં તો બંને એક જ છે.

ગીતામાં કહ્યું છે કે આ જે અજ્ઞાની જનસમુદાય મને અજન્મા અવિનાશીને સારી રીતે જાણતા કે માનતા નથી તે બધાની સામે પોતાની યોગમાયા વડે સારી રીતે ઢંકાયેલો હું પ્રગટ થતો નથી. (૭/૨૫) મારી યોગમાયાથી આવૃત હું તમામની સામે પ્રત્યક્ષ થતો નથી એટલે અજ્ઞાની જન સમુદાય મને જન્મરહીત અવિનાશી પરમાત્માને (તત્વને) જાણતા નથી એટલે કે મને જન્મનારો અને મરનારો સમજે છે. સોઈ જાનઈ જેહિ દેહું જનાઈ. (રામાયણ) જે મનુષ્ય ભગવાનને શરણે જાય તો ભગવાન અજ્ઞાનને દૂર કરી દે છે અને પોતાની માયાને પણ દૂર કરી દે છે.

જે મનુષ્યો ભગવાનથી વિમુખ રહે છે તેમની સામે ભગવાન પોતાની યોગમાયામાં છુપાયેલા રહે છે અને સાધારણ મનુષ્યના જેવા જ દેખાય છે.મનુષ્ય જેમ જેમ ભગવાનની સન્મુખ થતો જાય છે તેમ તેમ ભગવાન તેની સમક્ષ પ્રગટ થતા જાય છે.જ્ઞાનવાન સંત મહાત્મા તો તેમને ઓળખી જાય છે પરંતુ અજ્ઞાની પુરૂષ તેમને સાધારણ મનુષ્ય જ સમજે છે.

કુન્તા માતા ભગવાન શ્રી કૃષ્ણની સ્તુતિ કરતાં કહે છે કે ઈન્દ્રિયો વડે જે કંઈ જાણવામાં આવે છે એના મૂળમાં આપ વિદ્યમાન રહો છો અને પોતાની જ માયાના પડદાથી પોતાને ઢાંકેલા રાખો છો. હું અબૂધ નારી આપ અવિનાશી પુરૂષોત્તમને ભલા કેવી રીતે જાણી શકું? જે મૂઢ લોકો બીજો વેશ ધારણ કરેલા નટને પ્રત્યક્ષ જોઈને પણ ઓળખી શકતા નથી તેવી જ રીતે આપ દેખાવા છતાં દેખાતા નથી.જ્યારે ભગવાન શ્રી કૃષ્ણેએ દ્વાપરયુગમાં ધરતી ઉપર અવતાર લીધો ત્યારે ગણ્યા ગાંઠ્યા કેટલાક ભક્તો જ તેમને ઓળખી શક્યા હતા.સૌનું ભરણપોષણ કરનારા પરમાત્મા તમારા સત્યસ્વરૂપ પરમેશ્વરનું મુખ અથવા સ્વરૂપ હિરણમયેન જ્યોતિર્મય સૂર્ય મંડળરૂપ પાત્રથી ઢંકાયેલું છે. તમારી ભક્તિરૂપી સત્યધર્મનું અનુષ્ઠાન કરવાવાળા મને તમારું દર્શન કરાવવા માટે એ આવરણને તમે હઠાવી દો.(ઈશાવાસ્યોપનિષદ) ઉપનિષદના વિશાળ સાહિત્યમાં જે જુદી જુદી શ્રદ્ધા-ભક્તિપૂર્વકની પ્રાર્થનાઓ છે તેમાં આ શ્લોકમાં કરવામાં આવેલી નાની સરખી છતાં ખૂબ મહત્વની પ્રાર્થનાનો સમાવેશ કરી શકાય.આ પ્રાર્થના પ્રાણવાન અને અનોખી છે એનો ભાવ ઘણો ગૂઢ હૃદયસ્પર્શી છે એમાં જીવનના સાચા સાધકના નિર્મળ અંતરના ઉદગાર છે.

જીવનનું મૂળભૂત મહત્વનું ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે એ તો અત્યાર સુધીની વિચારણા પરથી સમજાઈ ગયું પરંતુ એ પરમાત્માની પ્રાપ્તિ થાય કેવી રીતે? અહંતા-મમતા,મોહ વગેરે અવિદ્યા-માયાના આવરણથી પરમાત્માનું સ્વરૂપ ઢંકાયેલું છે.

અવિદ્યાના અતિગાઢ આવરણને દૂર કરવા માટે પરમાત્માની પ્રેમપૂર્ણ પ્રાર્થના સિવાય બીજો માર્ગ જ નથી. સાધક જપ કરે છે, તપ કરે છે, સ્વાધ્યાય તથા તીર્થાટન અને અન્ય અનેક સાધનોનો અથવા અભ્યાસક્રમોનો આધાર લે છે તો પણ છેવટે સમજે છે કે પોતાની વ્યક્તિગત શક્તિ અથવા યોગ્યતાથી એ પરમાત્માની પ્રાપ્તિ થઈ શક્તિ નથી.અસહાય બનીને આખરે એ પ્રાર્થનાનો આધાર લે છે અને પ્રાર્થના ઉત્કટ બનતાં આખરે એને પરમાત્માની પરમ શક્તિની મદદ મળે છે એને લીધે અવિદ્યાના આવરણમાંથી મુક્તિ મેળવીને એ પરમાત્માની પાસે સહેલાઈથી પહોંચી શકે છે એનું જીવન પરમાત્માના સાક્ષાત્કારથી સાર્થક બને છે.પ્રાર્થનાની શક્યતા કે શક્તિ કેટલી બધી અપરિમીત છે એનો ખ્યાલ પ્રાર્થનાના એ ઉદગારો પરથી સહેલાઈથી આવી શકે છે.પ્રાર્થના જીવનો શિવ સાથે સંબધ કરાવનાર સેતુ છે અને એનો ઉપયોગ એવી રીતે કરવામાં આવે એમાં એની સફળતા સમાયેલી છે. પ્રાર્થનાનો આધાર આત્મવિકાસને માટે અથવા અન્યની સુખાકારી, શાંતિ તથા ઉન્નતિ માટે લેવાય એ આવશ્યક છે એમાં જ એની શોભા છે.વૈદિક ઋચા પણ એ જ દર્શાવે છે કે આવરણના કારણે અજ્ઞાની મનુષ્યોને પ્રભુ દર્શન થતાં નથી પરંતુ જ્યારે પ્રભુ પરમાત્માની કૃપાથી ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સંત માયાનું આવરણ દૂર કરી દે તો પ્રભુદર્શન થાય છે.

વિનોદભાઈ માછી નિરંકારી

નવીવાડી,તા.શહેરા,પંચમહાલ

૯૭૨૬૧૬૬૦૭૫(મો)

અખાત્રીજ-અક્ષયતૃતિયાનું આધ્યાત્મિક દર્શન

ભારત દેશ સંસ્કૃતિ પ્રધાન દેશ છે.હિન્દુ સંસ્કૃતિમાં વ્રતો અને તહેવારોનું વિશેષ મહત્વ છે.વ્રત અને તહેવારો નવી પ્રેરણા અને સ્ફુર્તિનું સંવહન કરે છે,તેનાથી માનવીય મૂલ્યોની વૃધ્ધિ થાય છે અને સંસ્કૃતિનું નિરંતર પરિપોષણ તથા સંરક્ષણ થાય છે.ભારતીય મનીષિયોએ વ્રત-પર્વોનું આયોજન કરીને વ્યક્તિ અને સમાજને પથભ્રષ્ટ થવાથી બચાવ્યા છે.અક્ષયતૃતિયાનું પર્વ વસંત અને ગિષ્મના સંધિકાળનો મહોત્સવ છે. ભારતીય સમયની ગણતરી અનુસાર ચાર સિધ્ધ અભિજિત મુર્હુત છેઃ ચૈત્ર સુદ એકમ(ગુડી પડવો), અખાત્રીજ,દશેરા અને દિવાળી પહેલાંની પ્રદોષ તિથિ..

વૈશાખ સુદ-ત્રીજને અક્ષય તૃતિયા કે અખાત્રીજ પણ કહેવામાં આવે છે.અક્ષયનો શાબ્દિક અર્થ છેઃ જેનો ક્યારેય નાશ(ક્ષય) ના થાય અથવા જે સ્થાઇ રહે.સ્થાઇ તે જ રહી શકે છે કે જે સત્ય છે.સત્ય ફક્ત પરમાત્મા(ઇશ્વર) જ છે કે જે અક્ષય,અખંડ અને સર્વવ્યાપક છે.આ અક્ષયતૃતિયા તિથિ ઇશ્વર તિથિ છે.આ અક્ષય તિથિ પરશુરામજીનો જન્મદિવસ હોવાથી પરશુરામ તિથિ પણ કહેવામાં આવે છે.ચાર યુગો (સતયુગ,ત્રેતાયુગ,દ્વાપરયુગ તથા કળિયુગ) માં ત્રેતાયુગનો પ્રારંભ આ અખાત્રીજથી થાય છે.

અખાત્રીજથી ભગવાનશ્રી બદ્દીનારાયણના પટ ખુલે છે,ત્યાં દર્શનાર્થીઓ તથા ભક્તોની અપાર ભીડ રહે છે.ભક્તો દ્વારા આ દિવસે કરવામાં આવેલ પુણ્ય કાર્યો,ત્યાગ,દાન-દક્ષિણા,જપ-તપ,હોમ-હવન..વગેરે કાર્યો અક્ષયની ગણતરીમાં આવી જાય છે.અખાત્રીજના દિવસે વૃદાવનમાં શ્રી વિહારીજીના ચરણોના દર્શન વર્ષમાં ફક્ત એક જ વાર થતા હોય છે.દેશના ખૂણે ખૂણેથી શ્રધ્ધાળુ ભક્તજનો ચરણ દર્શનના માટે વૃદાવન પધારતા હોય છે.આ દિવસે અમાને આત્માન્વેષણ,આત્મવિવેચન તથા અવલોકન કરવાની પ્રેરણા આપે છે. આ દિવસ નિજ મન મુકુર સુધારીનો દિવસ છે.આ દિવસે અમારે સમજવાનું, વિચારવાનું કે ભૌતિકરૂપથી દેખાતું આ સ્

૩ મે, "વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ" અભિવ્યક્તિની સ્વતંત્રતા એ માનવનો મૂળભૂત અધિકાર

વિશ્વભરમાં ૩ મેનાં રોજ "વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ" મનાવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો હેતુ પ્રેસની સ્વતંત્રતા વિષે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે. આ સાથે જ આ દિવસ વિશ્વભરની સરકારને ૧૯૪૮નાં માનવ અધિકારોનાં સાર્વભૌમત્વ અનુચ્છેદ ૧૯ હેઠળ અભિવ્યક્તિની સ્વતંત્રતાનાં અધિકારનું સન્માન કરવા અને તેને જાળવી રાખવા માટે પોતાના કર્તવ્યની યાદ અપાવે છે. યૂનેસ્કોની જનરલ એસેમ્બલીની ભલામણ બાદ ડિસેમ્બર ૧૯૯૩માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૩જી મેના રોજ "પ્રેસ સ્વતંત્રતા દિવસ" મનાવવાનું જાહેર કર્યુ હતુ ત્યારથી દર વર્ષે આ દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ અભિવ્યક્તિની સ્વતંત્રતા જાળવી રાખવા અને તેના સન્માન કરવાની પ્રતિબદ્ધતાની વાત કરે છે. પ્રેસની આઝાદીનું મહત્વ ધરાવતો આ દિવસ જણાવે છે કે લોકશાહીનાં મૂલ્યોની સુરક્ષા અને તેને પુનર્સ્થાપિત કરવામાં મીડિયા મહત્વની ભૂમિકા નિભાવે છે. તેથી સરકારે પણ પત્રકારોની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઇએ. પ્રેસ દિવસ ઉજવવાનો પાછળનો ઈતિહાસ એવો છે કે ઈ.સ ૧૯૯૧માં આફ્રીકાના પત્રકારોએ પ્રેસની આઝાદી માટે પહેલ કરી હતી ત્યારે તે પત્રકારોએ ૩ મેના રોજ પ્રેસની આઝાદીના સિદ્ધાંતોને સંબંધિત એક નિવેદન જાહેર કર્યુ હતુ, જેને " ડિક્લેરેશન ઑફ વિન્ડોક "નાં નામથી ઓળખવામાં આવે છે. એ વખતે પહેલીવાર ૧૯૯૩માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી. આજે આ દિવસ ઉજવવામાં આવે છે ત્યારે એ જોવું રહ્યું કે ખરેખર પ્રેસ સ્વતંત્ર છે ખરા ? લોકશાહીમાં અભિવ્યક્તિની સ્વતંત્રતાની સૌ કોઈ નાગરીકને છૂટ હોય છે, પરંતુ આજે આ અધિકાર મીડિયા પાસેથી છીનવાઈ ગયો હોય એવું નથી લાગતું ? 'પત્રકારત્વ' એ ફક્ત નામ જ નહી પરંતુ આખો ઈતિહાસ છે. આજે આપણે આઝાદીનાં અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે દેશને મળેલી સ્વતંત્રતામાં પત્રકારત્વનો મોટો ફાળો રહ્યો છે તે ભૂલી શકાય તેમ નથી. ગાંધીજી હોય, ઝવેરચંદ મેઘાણી હોય, અમૃતલાલ શેઠ, કરસનદાસ મૂળજી હોય કે પછી લાલ, બાલ, પાલની ત્રિપુટી કે દેશનાં સર્વ પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ હોય સૌ કોઈ એ પત્રકારત્વ થકી જ આઝાદીની લડતમાં ઝંપલાવ્યું હતું. સંપૂર્ણ નિષ્ઠાથી દેશને જાગૃત કરવાનું કામ પત્રકારત્વ એ જ કર્યુ છે, પરંતુ આજે મિશનમાંથી કોર્પોરેટ બનેલા પત્રકારત્વમાં પણ વાણી સ્વતંત્રતા કેટલે અંશે જળવાય રહી છે તે એક મોટો પ્રશ્ન છે. પત્રકારોને બાહ્ય પરિબળો ઉપરાંત મીડિયાના આંતરિક પરિબળો પણ ઘણી વખતે નિષ્ઠાપૂર્વક કામ કરવાથી કે પછી સત્યને છતો કરવાથી રોકતા હોય છે. મીડિયા એ સમાજનો અરીસો છે અને અરીસો જ જો સત્ય નહીં બતાડે તો શું થાય ? દુનિયાનાં નિડર પત્રકારો કેટલીય પરેશાનીમાંથી પસાર થતા હોય છે. સાઉદી પત્રકાર જમાલ ખશોગી, ભારતીય પત્રકારો ગૌરી લંકેશ, નવીન નિશ્ચલ, સુજ્ઞ્ઞત બુખારી, ચંદન તિવારી,રાકેશ સિંહ અને ઉત્તર આર્યલેન્ડના પત્રકાર લાયરા મક્કીની હત્યાએ પ્રેસની સુરક્ષા પર સવાલ ઉભા કરી દીધા છે. અભિવ્યક્તિની સ્વતંત્રતાને સંપૂર્ણપણે પ્રદર્શિત કરતો આ "પ્રેસ સ્વતંત્રતા દિવસ" ખરા અર્થમાં ઉજવવો જોઈએ અને ફક્ત એક દિવસ માટે જ નહીં પરંતુ કાયમ માટે પત્રકારો અને પત્રકારત્વ સ્વતંત્ર રહી શકે તેવા માહોલનું નિર્માણ કરવું જોઈએ.

મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

NOG SS NO - 0050

વિષય -બિન્દાસ
પ્રકાર - પદ્ય મૌલિક
શીર્ષક - બિન્દાસ અલ્લડ
નામ - રાગીની શુક્લ" રાગ"

બિન્દાસને અલ્લડ અદાનાં દિવાના તમે ..!
મને હું ગમું છું પણ જ્યારે તમારી સાથે હોઉં છું ..!
ત્યારે તમારી મારકણી આંખો ગમે છે..!
દર્પણ સામે જોઈ એકલી જ હસું.!
ફૂલોની વેણી થી સજાવું જાતને..!
સુગંધી ઉઠું જ્યારે આંખોથી ખીલતી જોવું ..!
મારી મુગ્ધતા જાગી ઊઠે છે..!
તમારી ઝલકમાં મારું પ્રતિબિંબ જોવું છું..!
પંખીડાનાં પીંછાની માવજત કરતાં,
સચવાતી મારી જાતને જોવું..!
માણહ માણહને પારખવાની ટેવમાં..!
સંબંધોની એક સાંકળ સલામત રાખી..!
સંબધોનું આકાશ સોહામણું લાગે છે..!
સ્નેહની દોરે ખેંચી આવું..!
હું તો બિન્દાસ હસતી ફરતી એકદમ અલ્લડ જવાની મારી..!
ભજવી લઉં મારું પાત્ર ..!
પ્રેમ છે પુરવાર કરી દઉં..! રોજ આંખ મીચોલી શું ખેલવી..?
પ્રેમ કરું છું ખુલ્લાં બજારમાં કહું છું..?
કાંઈ હસો નથી આપતી..!
રોજ રોજ છુપાછુપીનું મિલન ગણતરી બધી સ્પષ્ટ છે..!
તો બિન્દાસ કહી દોને પ્રેમ છે..!
પ્રણયનાં બીજનાં અંકુર ખીલી ઊઠ્યાં છે ..!
પ્રેમમાં ફસાવવું ગમશે..!
અલ્લડ આંખલડીમાં રમવું ગમશે..!
તારી અલ્લડ જવાની હોઠે ને હૈયે વસી છે..!
અંતરમાં એકબીજા વગર ચાલશે નહીં..!
એ મોડ પર બિન્દાસ હરતાંફરતાં રમવું છે..!
લીલાંછમ આંગણે મારાં ટહુકાની ટહેલ નાખવી છે..! જીવનમાં આવી મોસમ પ્રેમની.!
તમારી આંખ્યુની રીત વ્હાલેરી લાગશે..!
એ બિન્દાસ કહું છું તમને..!

રાગીની શુક્લ" રાગ",મુંબઈ.

NOG SS No : 0001

પ્રકાર : પદ્ય
વિષય : બિંદાસ
શિર્ષક : તો પણ કહે હું બિંદાસ

જીવનમાં ભાવો નડે છે, અભાવો પણ નડે છે,
કઈ નહિ તોય માણસને તેના સ્વભાવો નડે છે !
તો પણ કહે હું તો બિંદાસ...
આખી જિંદગી આડા જ ઉતર્યા છે સત્કાર્યમાં,
તમે માનશો નહી, એને સદભાવો પણ નડે છે !તો પણ કહે હું તો બિંદાસ...
અંત સમયે, એ થઈ જાય છે સાવ એકલા !
એના પોતાના પદ પ્રતિષ્ઠા ને પ્રભાવો નડે છે ! તો પણ કહે હું તો બિંદાસ .
અહમ ને ઈગોમાં, જીવ્યા હોય જિંદગી આખી,
મૃત્યુપર્યંત નથી છૂટતા, એ મનોભાવો નડે છે ! તો પણ કહે હું તો બિંદાસ .
જે છોડવું હોય તો પણ નથી છોડી શકાતું કદી,
વરસો થી સાચવેલા હૈયામાં ,એ ઘાવો નડે છે ! તો પણ કહે હું તો બિંદાસ....
મૃત્યુ આવે તો પણ મરતા નથી સુખ શાંતિ થી,
અંતરમાં થી ઉઠતા, એને અહોભાવો નડે છે ! તો પણ કહે હું તો બિંદાસ...

સંચાલક :પ્રદીપ રાવલ

NOG:SS:NO.:0101

વિષયઃ અખાત્રીજ
પ્રકાર : ગદ્ય
શીર્ષકઃ અક્ષય લીલા.
લેખક : ભરત સાંગાણી

વૈશાખ સુદ ત્રીજ 'અક્ષય તૃતીયા' અખાત્રીજ તરીકે જાણીતી છે. તે પરશુરામ જયંતિ તરીકે પણ ઊજવાય છે.

અક્ષય ત્રીજની સવારનો સૂર્ય વધુ તેજસ્વી - પ્રકાશમાન બને છે. જેનાં દર્શન પાપ નાશક બને છે. આજનો દિવસ હંમેશ માટે શુભ છે. આમાં મુહૂર્ત શાસ્ત્ર જોવાની કોઈ જરૂર નથી.

અખાત્રીજનું વણજોયું મુહૂર્ત શા માટે ?

વૈશાખ સુદ ત્રીજના દિવસે હંમેશા મેષ રાશિનો સૂર્ય હોઈ છે.આત્મકારક સૂર્ય ઉચ્ચ રાશિનો હોવાથી બળવાન બને છે. તિથિ ત્રીજ શુભ મનાઈ છે. મનનો કારક ગ્રહ ચંદ્ર વૃષભ રાશિમાં હોવાથી બળવાન બને છે. આમ શુભ તિથિ ત્રીજ, સૂર્ય-ચંદ્ર બંને મહત્વના ગ્રહો બળવાન હોઈ તેવો સંયોગ માત્ર અખા ત્રીજને દિવસે જ બને છે. તેથી અક્ષય બનેલી આ તિથિ અખાત્રીજને દિવસે કોઈપણ શુભ કાર્ય કરી શકાય છે. અને તે ચોક્કસ પાર પડે છે.

દાન,ધર્મ કે સુકર્મનું આ દિવસે અધિક ફળ મળે છે.

સનાતન ધર્મમાં આ તિથિનું વિશેષ મહત્વ છે. કારણકે વરસમાં આવતા ચાર વણજોયા મુહૂર્તમાંથી એક છે.(અક્ષય તૃતીયા, દેવઉઠી એકાદશી, વસંત પંચમી અને ભડલી નવમી. આ ચારને અબુઝ મુહૂર્ત કહેવામાં આવે છે.)

અખાત્રીજને ચિરંજીવ તિથિ પણ કહેવામાં આવે છે.

અક્ષય તૃતીયાનું ધાર્મિક ખૂબ મહત્વ છે.

અખાત્રીજને ઠાકોરજીના દિવ્ય સ્વરૂપને ચંદનના લેપ થાય છે. અખાત્રીજથી શ્રીઅંગે ફુલના શણગારને ફૂલની મોટી જોડ રથયાત્રા સુધી શયન સુધી ધરાવામાં આવે છે. પ્રભુને માટીનાં ઝારી કુંજામાં જળ ધરાવાય છે. ઠાકોરજીને પાકી કેરીનો રસ, દહીંભાત, શ્રીખંડ જેવી સામગ્રી આરોગાવાય છે.

અક્ષય તૃતીયાનું સનાતન ધર્મમાં ખૂબ મહત્વ છે. આ દિવસે શ્રીમહાપ્રભુજી વલ્લભાચાર્યજીએ શ્રીગિરિરાજજી ઉપર શ્રીજીબાવાનું મંદિર સિદ્ધ કરાવી તેમાં શ્રીજીબાવાને પધરાવી સેવાક્રમ શરૂ કર્યો હતો.

અક્ષયતૃતીયાના શુભ દિવસે ભગવાન શ્રીકૃષ્ણે એક મુઠ્ઠી તાંદુલના બદલામાં સુદામાને અખૂટ વૈભવ બક્ષેલો.

વ્યાસજીએ ગણેશજીની સહાયથી મહાભારત લખવાનો પ્રારંભ અક્ષયતૃતીયાએ કરેલો.

આ દિવસે શ્રીકૃષ્ણે પાંડવોને આપેલ અન્નપાત્ર અક્ષયપાત્ર બન્યું.

વૈશાખી સ્નાનનો આરંભ અખાત્રીજથી થાય છે.

ઉત્તરાખંડમાં ભગવાન બદ્રીનાથના મંદિરના દ્વાર અખાત્રીજને દિવસે ખુલે છે.

અક્ષયતૃતીયાના દિવસે સતયુગ અને ત્રેતા યુગનો આરંભ થયેલો.

અક્ષયતૃતીયાના દિવસે જગન્નાથ પુરીમાં ભગવાનના રથનું નિર્માણ કાર્ય શરૂ થાય છે.

વૃંદાવનમાં બાંકે બિહારીના મંદિરમાં વરસમાં એક વખત ચરણ કમળના દર્શન થાય છે.

અખાત્રીજના દિવસે આ મંત્રોના ઉચ્ચારણથી દૂર થશે બધાં કષ્ટો.

" ૐ ભાસ્કરાય વિગ્રહે મહાતેજાય ધીમહી તન્નો સૂર્યઃ પ્રચોદયાત "

લેખનઃ ભરત સાંગાણી

NOG SS NO:004

વિષયઃ અક્ષયતૃતિયા
પ્રકારઃગદ્ય વાર્તા
શબ્દઃ૩૫૦
શીર્ષકઃ મંત્રોચાર
શીર્ષકઃ મંત્રોચાર

" ૐ ભાસ્કરાય વિગ્રહે મહાતેજાય ધીમહી તન્નો સૂર્યઃ પ્રચોદયાત "

આખાં ઘરમાં ગૂંજતા આ મંત્રોચાર દર અક્ષય તૃતિયાને દિવસે ગુંજી ઊઠતાં. પારિજાત તેનાં દાદા પાસે શીખી હતી આ શુદ્ધ ઉચ્ચાર. ભણવામાં હોશિયાર ,નમણી સુંદર , શ્યામલી પારિજાતનું હુલામણું નામ હતું પાજા. ધીરે ધીરે યુવાન થતી પાજાને ભણવાનો ચસકો લાગી ગયો હતો.રૂઢિચુસ્ત કુટુંબમાં તેની એક ચાલે તેમ નહોતી.

તે પંદર જ વર્ષની હતી ને તેનાં લગ્ન નક્કી કરી નાંખવામાં આવ્યાં હતાં. લગ્ન બે વર્ષ પછી થશે એ જાણ્યાં પછી તેને રાહત થઈ હતી. શાળાનાં શિક્ષિકા ગૌરીબેને તેને દસમું પાસ કરી દેવડાવવાની તેમાં માતા પિતાને સલાહ આપી. છાનમાના મામાને ત્યાં જઈ તેણીએ દસમું પાસ કર્યું.

લગ્ન તેનાં સત્તર પૂરાં થતાં જ થઈ જતાં બરાબર અખાત્રીજને(અક્ષય તૃતિયા)દિવસે થયાં.

સાસરું ખૂબ જ ખમતીધર હતું સખત પૈસો ટકો , પણ સંસ્કાર નામના પણ નહિ પતિ છેલબટાઉં કહેવું તો કોને. સાસુમા પૂજાપાઠ કરે, સસરાની છત્રછાયા નહિ. ઘરમાં સસરાના મિત્ર દ્વિજેશકાકાનો અવરો જવરો. તેઓએ આ મૂંઝાતી કળીને જોઈ. તેમણે તેને હિમ્મત આપવા માંડી.ખાનગીમાં તેને બારમું કરાવ્યું. બારમા પછી વકિલાત પણ કરાવી.

તે વિચારતી કે આ બધાં કાગળિયા શું કામના? ત્યાં જ અચાનક જ તેણીનાં પતિ એક કંપનીનાં કાયદામાં ફસાયા. છેલબટાઉં પતિ કોઈ છોકરીનાં સંકજામાં ફસાયા. બ્લેકમેલિંગમાં તે ઘસાયા.મામલો કોર્ટે ચઢ્યો

અને પૈસાના અભાવે વકિલ ન કરી શક્યો. ત્યારે દ્વિજેશકાકાએ તેને કેસ લઢવા કોર્ટમાં ઊભી કરી. જેમ જેમ કેસ લઢતી ગઈ તેમ તેમ પતિની અસલિયત તેની સામે આવવા લાગી. તેની કલ્પના બહાર તેના પતિના ગુના ખુલતાં ગયાં. પેલી યુવતીએ અંતે આપઘાત કર્યો. એ રાતે તેણીએ નક્કી કર્યું આ ખોખલા સમાજનાં તેમાંય એવા પુરુષને સ્ત્રીનાં આવા દંભી સમાજને માટે લઢતી રહેશે.

કોર્ટમાં જઈ તેણીએ પતિને ગુન્હેગારના પાંજરામાં ઊભો કરી પૂછ્યું," આપને યાદ છે આજે કયો દિવસ છે?

પતિનો જવાબ હતો," મારા કેસ સાથે દિવસને શું લાગે વળગે છે?"

પાજાએ કેસની શરૂઆત કરી, એક પાંચ વર્ષની બાળકીને ત્યાં હાજર કરી કહ્યું," આને ઓળખો છો?"

પતિએ કહ્યું," ના"

પાજાએ જજને કહ્યું," મી. લોર્ડ આ દીકરી એમની છે, જ્યાં અગ્યાસી કરી હતી, તેની દીકરી તેનો ખર્ચો ન આપતા તેની માએ તેમને બ્લેકમેઈલ કર્યા. જ્યારે પગ નીચે રેલો આવ્યો ત્યારે કોર્ટ ચઢ્યાં. મી. લોર્ડ આજે પાંચ વર્ષે અખાત્રીજ આવી છે ને મારા ને તેમના લગ્નની તિથી. મારી ઈચ્છા છે આ દીકરીને ન્યાય મળે ને મને લાગણીહીન માણસથી છૂટકારો."

આમ અખાત્રીજનાં આ મહાન શ્લોકને ઉજાગર કરી

તેણીએ પેલી દીકરી સાથે નવા જીવનનાં પ્રયાણ તરફ પગલાં ભર્યા.

જયશ્રી પટેલ

કપરાડામાં એક વર સાથે બે કન્યાના લગ્ન અટકાવવા રાજુ રદી નવમી મેના રોજ વાંટાની ફોજ લઇ જશે!!!

"ગિરધરભાઈ. તમે જલ્દી મારા ઘરે આવો" નટુભાઈ-રાજુ રદીના પિતાજીએ ગભરાયેલ અવાજે ફોન પર વિનંતી કરી.

કંઈ પણ પ્રકારની પડપૂછ કર્યા સિવાય હું રાજુ રદીના ઘરે પહોંચ્યો.

નટુભાઈ પાછળ હાથ રાખી અકારણ આમતેમ આંટા મારતા હતા. રાજુની મા રડતી હતી. સિન બહું જ ઈમોશનલ બની ગયેલો. કદાચ જાવેદ સાહેબે લખ્યો હશે. ઘરમાં તનાવ, દુખ, ઉતેજનાનો મોહોલ!!

" નટુભાઈ , શું થયું છે? મને કાંઈક ફોડ પાડીને વાત કરો." મેં તેના ખભે હાથ રાખીને કહ્યું

" ગિરધરભાઈ . રાજુ રૂમ અંદરથી બંધ કરી ત્રણ કલાકથી અંદર બેઠો છે. રૂમનું બારણું ખખડાવ્યું પણ જવાબ આપતો નથી.મને ચિંતા થાય છે" આટલું બોલતા નટુભાઈએ મહાપરાણે રોકી રાખેલા આંસુઓ બળવો કરીને આંખની બહાર ધસી આવ્યા. મેં તેને આશ્વાસન આપ્યું. પાણીનો ગ્લાસ મંગાવી પાણી પિવડાવ્યું.

ઓહ નો! યેસ!! રાજુ રદી કોપભવનમાં ગયો છે. જુના જમાનામાં રાણીઓ પફ, પાવડર, લિપસ્ટિક, ઝોમેટામાંથી પિત્ઝા મંગાવવા કે આસોપાલવમાંથી પટોળા કે તનિસ્કમાંથી આભૂષણો લેવા માટે ઈન્ડેન્ટ ભરતી. ઈન્ડેન્ટ પર પ્રોસેસ ન થવાના કારણે કે પોતાના અસ્તિત્વની રાજા પાસે નોંધ લેવડાવવા કોપભવનમાં જતી રહેતી. કોપભવન અલાયદી ઈમારત હતું કે મહેલનો ભાગ હતું તેનો ઉલ્લેખ મળતો નથી. તેમાં કેસેટ કે સ્લીપ્ટ કે વિન્ડો એસી કે એરકુલર હતા, ત્યાં પેન્ટ્રી હતી કે કેમ તેનો ઉલ્લેખ પણ નથી. ત્યાં રાજા સાથે વાત કરવા હોટલાઈન હતી કે લેન્ડલાઈન હતી તેની પણ વિગતો નથી.તેની ડિઝાઈન ગુસ્સો રિલિઝ થાય તેવી હતી તેની પણ વિગતો નથી. એ સમયમાં રાજા રાણીથી ગુસ્સે થઈને કોપભવનમાં જતા કે કેમ તેના પણ પૂવર્દ્રષ્ટાંત નથી .નટુભાઈએ મને ખભેથી હડબડાવ્યો કે મારી વિચારયાત્રા વિરામ પામી.

" રાજુ, એં રાજુ." મેં દરવાજાને નોક કરીને રાજુને હળવી બુમ મારી.

" મારે તમારી સાથે વાત કરવી નથી." રાજુએ અંદરથી કહ્યું.

રાજુ. દરેક સમસ્યાનો હલ હોય છે. કમરામાં પુરાઈ જવાથી તારો સવાલ હલ થશે નહીં. નચુભાઈનો વાંક હશે તો નટુભાઈને પણ બે શબ્દો કહીશ." મેં રાજુને ખાતરી આપી.

" બધો વાંક મારા બાપાનો છે. મને પેદા કર્યો ત્યારથી સમસ્યા ઉભી થઈ. હવે ઝખ્મ નાસુર થયો છે." રાજુ પ્રાઈમસની જેમ ફાટ્યો .

રાજુ. પણ તારો પ્રશ્ન શું છે?" મેં રાજુને પૂછ્યું

રાજુએ જવાબમાં આજનું છાપું બારણાની નીચેથી બહાર સરકાવ્યું!!

ગિરધરભાઈ. પેલાં કપરાડાવાળા સમાચાર જુઓ" રાજુએ અંદરથી મને અધ્યાદેશ કર્યો!!

મેં બારણા નીચેથી વર્તમાનપત્ર ઉઠાવ્યું. વર્તમાનપત્રમાં સમાચાર હતા." વલસાડના (Valsad) આદિવાસી વિસ્તાર ગણાતા કપરાડામાં અનેક પુરુષોને (સ્રેહ) એકથી વધુ પત્ની (Wife) હોવાની વાત સામાન્ય છે. અનેક કિસ્સામાં એક જ ઘરમાં બે પત્નીઓ હળી મળીને પણ રહેતી હોવાના કિસ્સા જોવા મળી શકશે, પરંતુ એક સાથે બે મહિલા (Women) સાથે લગ્ન (Marriage) કરવાની ઘટના જવલ્લે જ જોવા મળતી હોય છે. આવી જ એક ઘટના આગામી ૯ મી મેના રોજ બનવા જઈ રહી છે. એક યુવક બે મહિલા સાથે એક જ લગ્ન મંડપમાં લગ્નના મંગળફેરા ફરશે.વલસાડના કપરાડા તાલુકાના નાનાપોંઢા ગામમાં ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે જોડાયેલ પ્રકાશ હરજીભાઈ ગાંવિત નાનાપોંઢા ગામના મંગળભાઈની પુત્રી અને મોટી વહિયાળ ગામના રમેશભાઈની પુત્રી મળી બે કન્યા સાથે લગ્ન કરી બંનેને એક જ મંડપમાં મંગળસૂત્ર પહેરાવશે. જેના માટે તેણે કંકોત્રી પણ છપાવી છે અને આ કંકોત્રીમાં એક વર અને બે વધુના નામ હોય સોશ્યલ મિડિયામાં તે વાઈરલ થઈ છે. આ બંને મહિલાઓ પ્રકાશ સાથે વર્ષોથી રહે છે. બંને થકી પ્રકાશને કુલ ચાર સંતાન પણ છે. બંને લગ્ન વિના રહેતી હોય હવે પ્રકાશ બંનેની સાથે એક મંડપમાં લગ્ન કરવા જઈ રહ્યો છે. એક સાથે બે પત્ની રાખવી સામાન્ય છે, પરંતુ બંને સાથે એક સાથે લગ્ન કરવાની ઘટના થોડી આશ્ચર્યજનક છે.

બે વર્ષ અગાઉ વાપીની કંપનીમાં કામ કરતાં યુવાનના દહાણુ-બોરડીમાં એક જ લગ્ન મંડપમાં વરરાજો બે કન્યાઓ સાથે લગ્નગ્રંથીમાં જોડાયો હતો. "

" રાજુ. એમાં તને શું વાંધો છે?" મેં નિર્દોષ સવાલ પૂછ્યો.

રૂમનું બારણું ખોલી ,રાજુ ગર્જ્યો, " ગિરધરભાઈ વાંધો કેમ ન હોય? હું પંદર વરસથી ાવાંઢો છું.તમે મને ઢાંઢો કહી મારો ઉપાલંભ કરો છો. એક તો દર હજાર પુરૂષે સ્ત્રીની સંખ્યા ઓછી છે. છોકરા કરતા છોકરી વધુ ભણે છે, વધુ કમાય છે. કેરિયર માટે કુંવારી રહે છે. કેટલીક બ્રહ્મકુમારીમાં જવાથી- મહાસતીજી થવામાં કુંવારી રહે છે એટલે લગ્નોતત્સુક કન્યાની સંખ્યા ઘટે છે. અમારા જેવા સામાન્ય આવક અને દેખાવવાળા લગ્નના માયરાસુધી પહોંચી શકતા નથી!! એવામાં આવા નસીબના બળિયાને એક કન્યા સાથે એક કન્યા ફ્રી મળે તો અમારું લાકડેમાંકડું સાત ભવે પણ ના ગોઠવાય. ભગવાન રામને ભજનારા એકપત્નીવ્રતનું પાલન કરવાને બદલે કૃષ્ણ ભગવાને અનુસરે છે!! પછી અમારી? પાછળ લીલ પરણાવવી પડશે!" રાજુએ પુણ્ય પ્રકોપ વરસાવ્યો!

કહે છે કે રાજુ રદી કપરાડાના નાના પોંઢા ગામે નવમી મે ના રોજ થનાર લગ્ન અટકાવવા અખિલ ભારતીય વાંઢાઓની વિશાળ ફોજ લઈને આક્રમણ કરવાનો છે!

ભરત વૈષ્ણવ

સ્ત્રી

બત્રીસ-તેત્રીસ વરસની સ્ત્રી,
સમજો કે ધગધગતી ઈસ્ત્રી .
જુવાની આંટો લઈ ગયેલી,
કોઈ જપ્પીની જાદુઈ જંત્રી.
ચારે બાજુ હવસની લપેટો,
અસ્મતની રક્ષા કરતી સંત્રી.
તાજ વગરની રાણી ભાસે,
પ્રેમનગરની માયાવી મંત્રી
ચૈત્ર -વૈશાખના કાળઝાળ,
તડકાથી બચાવે છત્ર છત્રી .
રૂપ સૌંદર્યથી સૌ કોઈ જલે,
બત્રીસ લક્ષણીને કહે વંતરી.

ભરત વૈષ્ણવ

ચાલો બાળ લગ્ન અટકાવીએ, આપણી સામાજીક જવાબદારી નિભાવીએ :

આહવાઃ

અક્ષય તૃતીયા (અખાત્રીજ) ના દિવસે દરેક જ્ઞાતી/જાતિમા મોટી સંખ્યામા લગ્નો યોજાતા હોય છે. જેમા કન્યાની ઉંમર ૧૮ વર્ષ પુર્ણ હોય, અને વરની ઉંમર ૨૧ વર્ષ પુર્ણ હોય, ત્યારે જ તેઓ હિન્દુ મેરેજ એક્ટ-૧૯૫૫ હેઠળ કલમ-૭ મુજબ લગ્નગ્રંથીથી જોડાઈ શકે છે.

જો આ લગ્ન ફેરા દરમિયાન કોઈ વરવધુની ઉંમર નિયમ વિરુદ્ધ જણાઈ આવશે, તો આવા લગ્નમા જોડાયેલા દરેક વ્યક્તિઓ જેવા કે માતા-પિતા અથવા વાલી, સમૂહ લગ્ન આયોજકો, સામાજીક આગેવાનો, ગોર મહારાજ, લગ્ન કરાવનાર કાજી, રસોયા, કેટરર્સ, મંડપ ડેકોરેટર્સ, બગીવાળા, ફોટો અને વિડીયોગ્રાફર, તેમજ લગ્ન કંકોત્રી છાપકામ કરનાર તેમજ લગ્નમા આવનાર તમામ સગાસબંધીઓ, અને લગ્ન માટે વાડી ભાડે આપનાર દરેક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે. ડાંગના જિલ્લા બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારી દ્વારા એક અખબારી યાદીમા જણાવ્યા અનુસાર, બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ અનુસાર જો કોઈ નાની વયે લગ્ન કરતા જણાઈ આવે તો તે સજા પાત્ર ગુનો બને છે. બાળલગ્ન એ સામાજીક દૂષણ છે. તેને અટકાવવુ તે આપણા સૌની જવાબદારી છે. જો આવા લગ્ન કરવા દેવામા આવે તો દીકરા, દીકરીઓના લગ્ન જીવનમા તથા શારીરીક, માનસિક રીતે ઘણી વિપરીત અસરોનો તેઓ ભોગ બને છે. જેથી જાહેર જનતાને તેમના ગામ કે મહોલ્લા/શેરીમા બાળલગ્ન ન થાય, તેની તકેદારી રાખવા સાથે આવા લગ્ન થતા જણાઈ આવે તો તાત્કાલિક, ગામના સરપંચ, તલાટી-કમ મંત્રી, નજીકના પોલીસ સ્ટેશનમા, અને બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, ડાંગ તથા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, ડાંગને નીચે આપેલા સરનામે લેખિતમા જન્મ અને કંકોત્રીના પુરાવા સાથે જાણ કરવા અનુરોધ કરાયો છે. આવી માહિતી આપનાર વ્યકિતની ઓળખ કાયદામા કરેલી જોગવાઈ અનુસાર, ગુપ્ત રાખવામા આવશે. બાળલગ્ન અટકાવવા માટે હેલ્પ લાઈન નંબર-૧૦૯૮,૧૦૦,૧૮૧ ઉપર પણ જાણ કરી શકાશે, જેની જાહેર અને જવાબદાર વ્યક્તિઓને નોંધ લેવા જણાવાયુ છે.

નરેન્દ્ર પવાર,ડાંગ

ગુજરાતના સ્થાપના દિન નિમિત્તે અમદાવાદ ખાતે ગુજરાત રત્ન ગૌરવ એવોર્ડસ સમારંભ યોજાયો

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ડો. નીમાબેન આચાર્યએ જણાવ્યું હતું કે વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠતા પ્રદાન કરનાર લોકોનું સન્માન એ આપણી આગવી પરંપરા છે. રાજ્ય સરકાર પણ એ દિશામાં અગ્રેસર છે ત્યારે વિવિધ સેવાભાવી અને સ્વૈચ્છિક સંગઠનો પણ આ દિશામાં આગળ આવે તે સમયની માંગ છે એમ તેમણે ઉમેર્યું હતું.

નોલેજ પ્લસ ફાઉન્ડેશનના ઉપક્રમે યોજાયેલા સમારંભમાં અધ્યક્ષશ્રીએ વિવિધ ક્ષેત્રે સેવા પ્રદાન કરનાર લોકોને એવોર્ડથી સન્માનિત કર્યા હતા શિક્ષણ, તબીબી, નાટ્યકલા, સાહિત્ય, ચિત્રકલા, સંગીત, પત્રકારત્વ, ગુજરાતી ફિલ્મ જેવા અનેક ક્ષેત્રોમાં એવોર્ડ્સ પ્રાપ્ત કરનારા મહાનુભાવોને અધ્યક્ષશ્રીએ અભિનંદન આપ્યા હતા.

દરેક ક્ષેત્રમાં સારું કાર્ય કરતા લોકોનું અનુકરણ કરી હજી વધુ લોકો આ દિશામાં કાર્યરત થાય તેવો અનુરોધ પણ અધ્યક્ષશ્રી કર્યો હતો.

ગુજરાતમાં કલાકારો, સાહિત્યકારો, અને અન્ય ઘણા ક્ષેત્રોના લોકો દેશ વિદેશમાં પ્રખ્યાત બન્યા છે તે આપણા સૌ માટે ગૌરવની વાત છે તેમ તેમણે ઉમેર્યું હતું. આ કાર્યક્રમમાં લોકસાહિત્ય કલાકાર ભીખુદાન ગઢવી, કલાકાર સંજય ગોરડિયા, અને યુવા વૈષ્ણવ આચાર્ય વ્રજરાજ કુમાર મહારાજજી ઉપસ્થિત રહ્યા હતા.

૩૦ ગરીબ અને અનાથ નવયુગલો પ્રભુતા પગલાં માંડશે

ગાંધીનગર જીલ્લાના ઠાકોર સમાજના આગેવાનો અને મોભીઓ ધ્વરા આયોજિત સમૂહ લગ્નોત્સવ

ગાંધીનગર જીલ્લાના ઠાકોર સમાજના આગેવાનો અને મોભીઓ ધ્વરા સમાજનો સમૂહ લગ્નોત્સવ વૈશાખ સુદ અખાત્રીજના રોજ તા. ૦૩.૦૫.૨૦૨૨ના રોજ ઉનાવા ઠાકોર તરયોજ વાસ ખાતે યોજાશે જેમાં ૩૦ ગરીબ અને અનાથ નવદંપત્તિઓએ સમાજના રિત રિવાજો મુજબ પ્રભુતામાં પગલાં માંડશે .

સમાજની વિભાવનાને ઉજાગર કરવા દરેક સમાજના આગેવાનો, શ્રેષ્ઠીઓ અને દાતાઓ દ્વારા સમૂહલગ્નનાં આયોજન કરી સમાજના જરૂરિયાતમંદ પરિવારને એક તાંતણે બાંધવાનું પ્રસંસનિય કાર્યે કરી રહ્યા છે. ત્યારે મંગળવારના રોજ ગુજરાત ક્ષત્રિય ઠાકોર ઠાકોર સેના અને ગાંધીનગર તાલુકા ધ્વરા આયોજિત પ્રથમ સમૂહ લગ્નોત્સવ યોજાશે .

આ સમૂહ લગ્નોત્સવ પ્રસંગે ગોસ્વામી મહંતશ્રી ધનગિરી બાપુ - દેવરાજધામ , પરમ પૂજ્ય ભક્ત શ્રી શંકરભાઈ કરશનભાઈ રબારી , પરમ પૂજ્ય સાધ્વી ગીતાદેવજી વાત્સલ્ય નવદંપત્તિઓને રૂડા આશીર્વાદ આપશે આ ઉપરાંત માનનીય કેન્દ્રીય સંચાર રાજયમંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણ, ક્ષત્રિય ઠાકોર સેના પ્રદેશ અધ્યક્ષ શ્રી અલ્પેશજી ઠાકોર , ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રી રજનીભાઈ પટેલ અને પૂર્વ અન્ન અને પુરવઠા મંત્રીશ્રી જયેશ રાદડિયા વગેરે જેવા મુખ્ય મહેમાનો ઉપસ્થિત રહશે. સમૂહ લગ્નોત્સવમાં અભિવૃદ્ધિ કરવા માટે ભીખુદાન ગઢવી ,હર્ષદ ઠાકોર ,વિજય દેલવાડ , ધવલ બારોટ તથા મમતા સોની જેવા કલાકારો ઉપસ્થિત રહશે.

ડીસાની કોર્ટે ચેક રીટર્ન કેસમાં આરોપીને ૬ માસની સજાનો હુકમ ફટકાર્યો

બનાસકાંઠા બ્યુરો
રિપોર્ટ : દીલીપ ગોહીલ

ડીસાની કોર્ટે ચેક રીટર્ન કેસ મામલે આરોપીને ૬ માસની સજાનો હુકમ ફટકાર્યો હતો. જ્યારે નાણાંનું વ્યાજ અને કેસ માટેના ખર્ચ પણ ચૂકવવાનો હુકમ કર્યો છે. આ અંગેની વિગત એવી છે કે, ડીસાના રાણપુરમાં રહેતાં હીતેશભાઈ પોપટજી ગેલોત (માળી) બટાકાની ખેતી કરે છે. તેઓએ પોતાના બટાકા સુરતમાં રહેતાં ક્રિષ્ના ટ્રેડીંગ કંપનીના પ્રોપરાઈટર જગુભાઈ નરસિંહભાઈ હડીયાને અવાર-નવાર વેચતાં હોઈ બંને વચ્ચે વિશ્વાસ કેળવાયો હતો. જેના પગલે વર્ષ-૨૦૧૯ તેઓ ડીસામાં આવેલા અને તેમને રૂપિયાની જરૂર હોઈ તેમના મિત્ર હીતેશભાઈ પાસેથી રૂ. ૧,૫૦,૦૦૦ ઉછીના લીધા હતા અને આ રકમ ૩ માસમાં ચૂકવી આપવાની વાત કરી હતી. જો કે, ૩ માસ ઉપરાંતનો સમય થવા છતાં પણ જગુભાઈએ રૂપિયા પરત આપ્યા નહીં. જેથી હીતેશભાઈ વારંવાર ઉઘરાણી કરતાં જગુભાઈએ તેમને તા. ૦૬/૦૮/૨૦૧૯ ના રોજ આઈ.ડી.બી.આઈ.બેંકનો ચેક આપ્યો હતો.જે બેંક હીતેશભાઈએ ડીસા બેંકમાં રજૂ કરતાં બેલેન્સ ન હોવાના કારણે ચેક પરત ફર્યો હતો. જેથી હીતેશભાઈએ તેમના વકીલ મારફત કલમ-૧૩૮ મુજબ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. જે બાબતનો કેસ ડીસા કોર્ટમાં ચાલી જતાં ડીસા કોર્ટે ગત તા. ૦૧/૦૫/૨૦૨૨ ના રોજ તેનો ચૂકાદો આપતાં આરોપી જગુભાઈ નરસિંહભાઈ હડીયાને કલમ-૧૩૮ માં કસુરવાર ઠેરવીને ૬ માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો. જ્યારે વળતર પેટે રૂ. ૧,૫૦,૦૦૦ હીતેશભાઈને ચૂકવી આપવા અને વાર્ષિક સાદા વ્યાજના ૯ ટકા પ્રમાણે એટલે ચેક રીટર્ન થયાથી જ્યાં સુધી મૂડી પરત આપે તે દિવસ સુધીનું વ્યાજની રકમ સહીત રૂ. ૧૦,૦૦૦ ચૂકવવા જો આરોપી વળતર ચૂકવવામાં ઈકાર કરે તો વધુ ૬ માસની સજાનો હુકમ કર્યો છે.

આઇ.આઇ.પી.એચ.,ગાંધીનગર દ્વારા સંસ્થાના સ્થાપના દિને

કોવિડ- ૧૯માં આરોગ્ય, હોસ્પિટલ અને મીડિયા ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર ૧૭ વ્યક્તિઓનું મંત્રીશ્રી અર્જુનસિંહ ચૌહાણના હસ્તે સન્માન કરાયું

ગાંધીનગર

ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગર દ્વારા કોવિડ- ૧૯ દરમ્યાન શ્રેષ્ઠ કામગીરી કરનાર વ્યક્તિઓનો સન્માન સમારંભ કાર્યક્રમ આજરોજ સંસ્થાના ઓડિટોરિયમ હોલ, લેકાવાડા ખાતે યોજવામાં આવ્યો છે. શ્રેષ્ઠ કામગીરી કરનાર ૧૭ વ્યક્તિઓનું સન્માન ગ્રામવિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણના હસ્તે કરવામાં આવ્યું હતું.ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગર દ્વારા સંસ્થાના આજરોજ સ્થાપના દિન નિમિત્તે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ થકી કોવિડ- ૧૯ દરમ્યાન આરોગ્ય, હોસ્પિટલ અને મીડિયા ક્ષેત્રે ઉમદા કામગીરી કરનાર ૧૭ વ્યક્તિઓની પસંદગી કરવામાં આવી હતી. આ તમામ વ્યક્તિઓનું આજરોજ શાલ અને સન્માન પત્ર આપી મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ડાયરેકટર શ્રી ડૉ. દિલીપભાઈ માવલંકર સહિત આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

ગાંધીનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા તા. ૦૭ મે ના રોજ કડી સર્વ વિશ્વ વિધાલય કેમ્પસ ખાતે મેગા જોબફેર યોજાશે

ગાંધીનગર

જિલ્લા રોજગાર કચેરી,ગાંધીનગર દ્વારા મેગા જોબફેર તા.૦૭/૦૫/૨૦૨૨ના રોજ સવારે ૯.૩૦ કલાકે ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ,ખીમજી વિસરામ હોલ,ગેટ નં.૭ , કડી સર્વ વિશ્વવિદ્યાલય કેમ્પસ,સેક્ટર-૨૩,ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ મેગા જોબફેરમાં જિલ્લાની પ્રતિષ્ઠિત ૩૦ થી વધુ કંપનીઓ ભાગ લેશે, જેમાં જીલ્લાના ૧૦ પાસ,૧૨ પાસ ,ગ્રેજ્યુએટ,આઈ.ટી.આઈ,ડીપ્લોમાં તથા ડીગ્રીની શૈક્ષણિક લાયકાત ધરાવતા તમામ ઉમેદવાર મિત્રો ભાગ લઈ શકશે. જિલ્લા રોજગાર અધિકારીશ્રીએ રસ ધરાવતા સર્વે ઉમેદવાર મિત્રોને જણાવ્યું છે કે મેગા જોબફેરના સ્થળ પર પોતાની શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની નકલ અને ઓછામાં ઓછા ૫-બાયોડેટાની નકલ સહીત ઉપસ્થિત રહેવાનું રહેશે.

તેમજ ભરતીમેળામાં ભાગ લેવા માટે આપેલ ગુગલ લીંક https://rb.gy/92mkz0 પર પોતાનું રજીસ્ટ્રેશન કરવ અથવા રોજગારના વેબ પોર્ટલ anubandham.gujarat.gov.in/account/signup પર જોબસીકર તરીકે આપનું રજીસ્ટ્રેશન કરી લેવા જણાવવામાં આવ્યું છે. વધુ જાણકારી માટે રોજગાર હેલ્પલાઈન નંબર- ૬૩૫૭૩૯૦૩૯૦ પર ફોન કરી માહિતી મેળવી શકાશે, તેવું પણ રોજગાર અધિકારીશ્રીએ જણાવ્યું છે.

સમસ્ત મહાજન સંસ્થાનું અમદાવાદ ખાતે નવા કાર્યાલયનું તા. ૬ મે ના રોજ ઉદઘાટન

પરદુઃખે ઉપકાર કરવો એ માનવ જીવનને સાર્થક કરવાની પહેલી શરત છે. સમસ્ત મહાજનનાં અગણિત સેવાકાર્યનાં પાયામાં આ શુધ્ધ ભાવના, ગુરૂદેવોની પરમ કૃપા, સાધુ-સાધ્વી ભગવંતોનાં આશીર્વાદ તથા માર્ગદર્શન, દાતાઓનો સબળ સાથ અને ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓનો સેવા કરવાનો અખૂટ ઉત્સાહ સમાયાં છે. કોરોના વાઈરસે સર્જેલી અકલ્પનીય પરિસ્થિતિ અને લોકડાઉનથી લઈને હમણાંનાં અનલોકનાં સમય સુધી સમસ્ત મહાજને જે સુકૃતો કર્યા છે એ અસાધારણ અને ખરા અર્થમાં અનુમોદનીય છે. સમસ્ત મહાજનનાં નામથી આખો દેશ પરિચિત છે. સેવાની વાત આવે, પરોપકારની વાત આવે કે વાત આવે અનુકંપા અને જીવદયાની, સમસ્ત મહાજન દરેક મોરચે ઉત્કૃષ્ટ કાર્યો કરતી આશીર્વાદરૂપ સંસ્થા બની છે.

વૈશ્વીક સ્તરે જળ, જન, જંગલ, જમીન, જાનવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા 'સમસ્ત મહાજન'નાં અમદાવાદ ખાતે નવા કાર્યાલયનું ઉદઘાટન તા.૬ મે ૨૦૨૨, શુક્રવાર, વૈશાખ સુદ – ૫ નાં રોજ સવારે ૧૦ વાગ્યાથી ૫ વાગ્યા સુધી સંસ્થાના નવા કાર્યાલય મ/૧૦૮,સનવેસ્ટ બેક,વલ્લભ સદન પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૦૯ ખાતે રાખેલ છે. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના પ્રધાનો, શ્રેષ્ઠીઓ, દાતાઓ , કાર્યકર્તાઓ પધારશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સમસ્ત મહાજનનાં ટ્રસ્ટી મંડળ દ્વારા જાહેર આમંત્રણ આપાયું છે. વિશેષ માહિતી માટે ગિરીશભાઈ શાહ (મો. ૯૮૨૦૦૨૦૯૭૬) , અશોકભાઈ (મો. ૯૮૨૫૦૭૨૯૩૯) , ખુશ્બુબેન (મો. ૯૮૨૫૮૬૦૮૬૫) નો સંપર્ક કરવા મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨૨૧૯૯૯)ની યાદીમાં જણાવાયું છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ રાણકીવાવની લીધી મુલાકાત

પાટણ - ગુજરાત સ્થાપના દિન

રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં પોલીસ પરેડનુ નિદર્શન - પોલીસ જવાનો દ્વારા દિલ ધડક કરતબો યોજાયા

ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીના ઉપલક્ષ્યમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમાં પાટણ કોલેજ ગ્રાઉન્ડ ખાતે પોલીસ પરેડ નિદર્શન યોજાયું હતું. આ પરેડમાં નિરીક્ષણ સહિત વિવિધ કાર્યક્મોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે નાગરિકોનો ઉત્સાહ જળવાઇ રહે તે માટે તેમજ પોલીસની વિવિધ કામગીરીથી નાગરિકો અવગત થાય તે હેતુથી પોલીસ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીમાં પોલીસ વિભાગ પણ સહભાગી બન્યો છે. જિલ્લા પોલીસ અધિક્ષક વિજયકુમાર પટેલની આગેવાની અને માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્મોનું આયોજન થયું હતું. આ કાર્યક્મોમાં પરેડ, રાયફલ ડ્રિલ, મોટર સાયકલ સ્ટંટ શો, ડોગ શો, અશ્વ શો, બેન્ડ ડિસ્પલે સહિત સાંસ્કૃતિ કાર્યક્મોનું આયોજન થયું હતું.

આ પરેડમાં રાજયની વિવિધ પ્લાટુને પણ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગરની ચેતક કમાન્ડો પ્લાટુન, મંડાળા પુરુષ પ્લાટુન એસઆરપી જૂથ ૩, મુડેટી પુરુષ પ્લાટુન એસઆરપી જૂથ ૬, મહેસાણા જિલ્લા પોલીસ મહિલા પ્લાટુન, ગાંધીનગર જિલ્લા પોલીસ મહિલા પ્લાટુન, ગુજરાત જેલ વિભાગ પુરુષ પ્લાટુન, પાટણ જિલ્લા પોલીસ પુરુષ પ્લાટુન, જામનગર મરીન કમાન્ડો પ્લાટુન, બનાસકાંઠા જિલ્લા પોલીસ પુરુષ પ્લાટુન, કચ્છ પૂર્વ પોલીસ પુરુષ પ્લાટુન, કચ્છ ભુજ પોલીસ પુરુષ પ્લાટુન, સાબરકાંઠા જિલ્લા પોલીસ મહિલા પ્લાટુન, બનાસકાંઠા જિલ્લા પોલીસ મહિલા પ્લાટુન, ગુજરાત વન વિભાગ મહિલા પ્લાટુન, અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ પુરુષ પ્લાટુન, પાટણ જિલ્લા હોમ ગાર્ડ પ્લાટુન, પાટણ જિલ્લા ગ્રામ રક્ષક પ્લાટુન, પાટણ જિલ્લા એસ.પી.સી પ્લાટુન, પોલીસ એસઆરપી બેન્ડ પ્લાટુનનો સમાવેશ થાય છે.

આ પરેડમાં વિવિધ ટેબલો પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. કુલ ૭૧૦થી વધુ કર્મચારીઓએ પરેડમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારી તેમજ પદાધિકારીઓ અધિકારીઓ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

પાલનપુરમાં શો રૂમના મેનેજરે રૂ. ૫૬.૬૮ લાખની ઉચાપત કરતા ફરિયાદ નોધાઇ.

બનાસકાંઠા બ્યુરો
રિપોર્ટ : દીલીપ ગોહીલ

પાલનપુરમાં શો રૂમના ઇન્શ્યોરન્સ મેનેજરે પોતાની ૬ વર્ષની ફરજ દરમિયાન વાહનોના વિમાની રોકડ રૂ.૫૬.૬૮ લાખ અંગત ઉપયોગમાં વાપરી ઉચાપત કરી હતી. આ અંગેની જાણ થતાં નાણાંની ઉઘરાણી કરતાં મેનેજરે પોતાની પત્નિ સાથે કંપનીમાં આવી આપઘાત કરવાની તેમજ ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપતાં ફરિયાદ નોંધાઈ હતી.

પાલનપુર ખાતે આબુહાઇવે નજીક શિવમ સેલ્સ કોર્પોરેશન દ્વારા મહેન્દ્રા કંપનીના વાહનોનું વેચાણ કરવામાં આવે છે. જ્યાં વાહનોના વીમા લેવાની કામગીરી માટે પાલનપુર કણબીવાસ કમાલપુરાના નિકુંજકુમાર અશોકકુમાર ચૌહાણને તારીખ ૧૧ ઓકટોબર ૨૦૧૪ના રોજ નિમણૂંક અપાઇ હતી. જેણે છ વર્ષમાં તારીખ ૧ એપ્રિલ ૨૦૧૬થી ૨૫ એપ્રિલ ૨૦૨૨ દરમિયાન વાહનોના વીમાની રોકડ રકમ રૂપિયા ૫૬,૬૮,૮૫૨ કંપનીમાં જમા ન કરાવી પોતાના અંગત ઉપયોગમાં વાપરી નાંખ્યા હતા.

આ અંગેની જાણ થતાં મહેશભાઇએ તેની પાસે નાણાંની ઉઘરાણી કરી હતી. આથી નિકુંજકુમાર ચૌહાણ તેની પત્ની સાથે કંપનીમાં આવી અપશબ્દો ઉચ્ચારી હું કોઇ રકમ ચૂકવવાનો નથી. મારા વિરૂધ્ધ ફરિયાદ કરશો તો હું તથા મારી પત્ની તમારૂ નામ લખી આત્મહત્યા કરી લઇશું તેમજ ગુનામાં ફસાવી ચારિત્રયને નૂકશાન કરીશુ તેવી ધમકી આપી હતી. આ અંગે મહેશભાઇએ પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે વીમા મેનેજર સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. કંપનીની વિમાની રકમ જમા કરાવવા માટે અનુપમાબેન મહેશભાઇ પટેલના નામે બેંકમાં એકાઉન્ટ હતુ. જેમાં વીમા મેનેજર નિંકુજ ચૌહાણ ચેક, આરટીજીએસની રકમ ખાતામાં જમા કરાવતો હતો. જોકે, રોકડ રકમ આવતી હતી. તેમાંથી અમુક રકમ પોતાના અંગત ઉપયોગમાં લઇ ઉચાપત કરતો હતો. દરમિયાન ખાતામાં નાણાંની ઘટ બતાવતાં તેમજ ભાગીદાર પેઢી પાસેથી નાણાં લેવા પડતાં હોઇ છેલ્લા સાત વર્ષના બેંકના ડેટાનો અભ્યાસ કરવામાં આવતાં ઉચાપત થઇ હોવાનું સામે આવ્યું હતુ. વીમા મેનેજરે કંપનીમાંથી કુલ રૂપિયા ૬૦,૧૮,૮૫૨ની ઉચાપત કરી હતી. જેમાંથી રૂપિયા ૩,૫૦,૦૦૦ ચેક દ્વારા કંપનીને પરત આપ્યા હતા. જોકે, બાકીના નાણાંની ઉઘરાણી કરતાં તેણે ધમકી આપી હતી. જેથી તેની સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ગ્લોબલ આયુષ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઇનોવેશન સમિટ ૨૦૨૨માં જામનગરના વિદ્યાર્થીને સ્ટાર્ટઅપ માટે મળ્યુ રૂ. ૨.૫૦ કરોડનું ભંડોળ

આયુષ મંત્રાલયે પરંપરાગત દવાઓના ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ કલ્ચરને પ્રોત્સાહિત કરવા માટે ઘણી પહેલો કરી છે. ત્રણ દિવસીય ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટ (GAIIS 2022)માં પણ સ્ટાર્ટઅપ્સને લઈને વિદ્યાર્થીઓ ઉત્સાહમાં જોવા મળ્યા હતા. વિદ્યાર્થીઓએ તેમના ઉત્પાદનો અને વિવિધ પહેલોનું પ્રદર્શન કર્યું હતું. GAIIS 2022માં યોજાયેલા પ્રદર્શનમાં, સ્ટાર્ટઅપની સાથે ઘણી સ્થાપિત કંપનીઓએ પણ વિદ્યાર્થીઓના સ્ટાર્ટઅપમાં ઈન્વેસ્ટમેન્ટ માટે તેમના સ્ટોલ સેટઅપ કર્યા હતા. આવા જ એક વિદ્યાર્થી નીલકંઠ મારડિયા દ્વારા સ્થાપિત આયુર્વેદિક સ્ટાર્ટઅપ, ગ્રીન ફોરેસ્ટ વેલનેસને એક ખાનગી કંપની તરફથી રૂ. ૨.૫૦ કરોડના ફંડિગની ઓફર મળી છે.

નીલકંઠ મારડિયા જામનગરના રહેવાસી છે અને ગુજરાતમાં આવેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ (ITRA), ના અંતિમ વર્ષમાં અભ્યાસ કરે છે. સ્ટાર્ટઅપ સ્થાપવાના તેમના સપનાને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સ્ટાર્ટઅપ ઈન્ડિયા કાર્યક્રમે જાણે કે પાંખો આપી છે. ઓક્ટોબર ૨૦૨૧ માં માત્ર રૂપિયા પાંચ લાખ સાથે તેમણે આયુર્વેદ આધારિત કોસ્મેટિક કંપની 'ગ્રીન ફોરેસ્ટ વેલનેસ' શરૂ કરી હતી, પરંતુ ફંડની અછતના કારણે તેઓ પોતાની કંપનીની પહોંચને વિસ્તારવા અને વેચાણ વધારવામાં સક્ષમ ન હતા.ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટમાં મળેલ આ ફંડનો ઉપયોગ તેઓ પોતાની પ્રોડક્ટ્સના વિસ્તરણ અને માર્કેટિંગમાં સુધારો કરવા માટે કરશે તેમ નીલકંઠ મારડિયા દ્વારા જણાવવામાં આવ્યુ હતુ.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગરમાં ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઇનોવેશન સમિટ ૨૦૨૨નું ઉદ્ઘાટન કરતી વખતે ગુજરાતનો ઉલ્લેખ કર્યો હતો અને અને આશાવાદ વ્યક્ત કર્યો હતો કે અન્ય ક્ષેત્રોની જેમ જ આવનારા વર્ષોમાં તેમને આયુષ ક્ષેત્રમાંથી પણ યુનિકોર્ન ઉભરતા જોવા મળશે. નીલકંઠ મારડિયાની સફળતાઓ વધુ સ્ટાર્ટઅપ્સને આયુષ સેક્ટરમાંથી ઉભરી આવવા માટે પ્રેરણા આપશે.

ITRA ના ડિરેક્ટર ડૉ. અનુપ ઠાકરે જણાવ્યું હતું કે, "નીલકંઠ મારડિયા શરૂઆતથી જ કુશળ અને મહેનતુ વિદ્યાર્થી હતા. તેમને આયુર્વેદના સિદ્ધાંતો પર આધારિત નવી ફોર્મ્યુલેશન શોધવાનો શોખ હતો. તે પોતાના ઉદ્યોગસાહસિક સ્વપ્નને લઈને ખૂબ જ ઉત્સાહી છે. મને ખુશી છે કે એક ખાનગી કંપનીએ તેના સ્ટાર્ટઅપમાં રૂ. ૨.૫૦ કરોડનું રોકાણ કરવાની ઓફર કરી છે. હું તેના ઉજ્જ્વળ ભવિષ્યની કામના કરું છું." ગ્રીન ફોરેસ્ટ વેલનેસ કંપની દ્વારા એન્ટિ-એજિંગ ક્રીમ, હાઈડ્રેટિંગ મોઈશ્ચરાઈઝિંગ ક્રીમ, ફેશિયલ ક્લીન્સર, ઈન્ટેન્સ રિપેર ફેશિયલ ક્લીન્સર, હેર ક્લીન્સર, હેર કન્ડિશનર અને ફેશિયલ સીરમ જેવા આયુર્વેદ આધારિત કોસ્મેટિક ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે.ગ્રીન ફોરેસ્ટ વેલનેસ કંપની ભવિષ્ય માટે કેટલીક મોટી વિસ્તરણ યોજના પણ ધરાવે છે. નીલકંઠ મારડિયાએ આ વિશે વાત કરતા જણાવ્યું હતું કે તેઓ ગ્રીન સ્ટાર્ટઅપ સેટ કરવા માંગે છે. આગામી સમયમાં ફોરેસ્ટ વેલનેસ ક્લિનિક સ્થાપિત થશે, જ્યાં દર્દીને કુદરતી રીતે તેમની સમસ્યા અનુસાર આયુર્વેદિક દવા આપવામાં આવશે. અન્ય યોજનામાં ગ્રીન ફોરેસ્ટ વેલનેસ પાર્કની સ્થાપનાનો સમાવેશ થાય છે, જે માદક દ્રવ્યોના વ્યસનીઓને મુક્ત કરવા પર કામ કરશે. સાથે જ ગ્રીન ફોરેસ્ટ વેટરનરી સોલ્યુશન સેટઅપ કરવાની પણ યોજના કરવામાં આવી છે, જ્યાં આયુર્વેદિક પદ્ધતિઓ અને ઉપાયો દ્વારા પ્રાણીઓને સ્વસ્થ રાખવામાં આવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.